CCE | GPSC | TET-TAT | CLERK

વિશેષ આવૃત્તિ

# ગુજરાતી
## વ્યાકરણ
### શબ્દભંડોળ




લેખક | સંપાદક

ભાવિક મારૂ પબ્લિકેશન

CCE, GPSC, TET-TAT, પંચાયત, મહાનગરપાલિકા કલાર્ક જેવી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી

# ગુજરાતી વ્યાકરણ અને શબ્દભંડોળ

Target with Bhavik Maru

## : પુસ્તકની વિશેષતાઓ :

⇨ પરીક્ષાલક્ષી માહિતીઓને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયાસ.

⇨ દરેક પ્રકરણના અંતે GCERT (પાઠ્યપુસ્તક) ના ઉદાહરણો.

⇨ દરેક પ્રકરણના અંતે અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોની યાદી.

⇨ દરેક પ્રકરણના અંતે સ્વમૂલ્યાંકન માટે ટેસ્ટ સીરિઝ.

⇨ મહત્ત્વના મુદ્દાને સહેલી રીતે યાદ રાખવા ભાવિક સરની શોર્ટ ટ્રીક

◆ લેખક ◆
ભાવિક મારૂ

◆ સંપાદક ◆
આકૃતિ મારૂ

ભાવિક મારૂ પબ્લિકેશન

| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | ગુજરાતી વ્યાકરણ અને શબ્દભંડોળ |
| પ્રકાશક | : | Bhavik Maru Publication |
| કોપીરાઈટ | : | Bhavik Maru Publication |
| ટાઈપ સેટિંગ | : | Samir Shah |
| આવૃત્તિ | : | અદ્યતન આવૃત્તિ |
| કિંમત | : | રૂા. 480/- |


Target with Bhavik Maru


આ પુસ્તકને વાંચવા ઉપરાંત ઘરે બેઠા ઓનલાઈન વિડીયો દ્વારા સમજવા અમારી વિડીયો એપ્લિકેશન *Target with Bhavik Maru* ડાઉનલોડ કરો.

Play store App : Target with Bhavik Maru

Youtube : Target with Bhavik Maru



© આ પુસ્તકને લખાણનો કોઈ પણ ભાગ, લેખનશૈલી, રજૂઆત શૈલી, મુદ્દાઓ અને તેની ગોઠવણી વગેરેનો મુદ્રણ, યાંત્રિક, ઈલેક્ટ્રોનિક, ઝેરોક્ષ કે અન્ય કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ પ્રકાશકની લેખિત પરવાનગી વગર કરવો નહીં. આવું કૃત્ય ગેરકાયદેસર ગણાશે અને તેમ કરનારની સામે કોપીરાઈટ ભંગની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી. કોઈપણ વિવાદ માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રને આધીન રહેશે.

# લેખકની કલમે

નમસ્કાર વ્હાલા વિદ્યાર્થીઓ!

તમે આ પુસ્તક વસાવ્યું છે તેનો સીધો અર્થ એ છે કે તમે GPSC, CCE, પંચાયત, કલાર્ક કે કોઈ પણ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યાં છો. અઢળક પ્રકાશનો હોવા છતાં તમે મારૂં લખેલું પુસ્તક પસંદ કર્યું તેના માટે આભાર!

આ પુસ્તકમાં મેં ગુજરાત સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા ગુજરાતી વ્યાકરણ અને ભાષા શુદ્ધિના તમામ મુદ્દાઓને અતિસરળ ભાષામાં ઉદાહરણો સહિત સમજાવ્યા છે. પ્રકરણના અંતે અભ્યાસ અને સ્વમૂલ્યાંકન માટે વધારાના પ્રશ્નો પણ આપવામાં આવેલા છે. મારા ૧૪ વર્ષના અનુભવને આધારે મુદ્દાઓને સરળ રીતે સમજાવવા 'શોર્ટ ટ્રીક - ટૂંકી રીત' પણ આપવામાં આવેલી છે.

મને આશા છે કે આ પુસ્તક તમારી તૈયારીને મજબૂત બનાવી પરીક્ષામાં સારા ગુણ અપાવશે અને સરકારી નોકરીનું લક્ષ્ય મેળવવામાં મદદરૂપ થશે.

જય હિંદ!

**લેખક**
**ભાવિક મારુ**

Target with Bhavik Maru



**શ્રી ભાવિક મારુ** સાહેબ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતમાં સૌથી સરળ અને વિશ્વાસુ વ્યાખ્યાતા તરીકે સન્માન મેળવેલ માર્ગદર્શક છે. 2011 થી સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચલાવે છે. તેમણે 2 વર્ષ ગુજરાત હાઈકોર્ટના કર્મચારી તરીકે સેવા આપી શિક્ષણ જગતમાં આવવા સ્વૈચ્છિક રાજીનામું આપી પોતાની સંસ્થા **Target with Bhavik Maru** ચલાવે છે. ગુજરાત કોલેજ, RECT વગેરે જેવી નામાંકિત સંસ્થાઓમાં સેવા આપેલ છે. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સાંસ્કૃતિક વિભાગમાં એક્ષપર્ટ ગાઈડમાં સ્થાન પામ્યા છે. પોતાના GPSC ના અનુભવો પરથી આ પુસ્તકનું કાર્ય વિદ્યાર્થીઓને કામ આવે એ હેતુથી અભ્યાસક્રમ મુજબ લખવામાં સેવા આપી છે.
તેઓ ગુજરાતમાં ઈતિહાસ, ગુજરાતી અને અંગ્રેજી વિષય ભણાવવામાં શ્રેષ્ઠ શિક્ષકોની યાદીમાં આવે છે. નોલેજ ચેમ્બર ઓફ કોમર્સ તથા એસોચેમ સંસ્થા દ્વારા તેમની સંસ્થાને બે વાર સ્પર્ધાત્મક પરીક્ષાની શ્રેષ્ઠ સંસ્થા તરીકેનો એવોર્ડ મળેલ છે.

# આ પુસ્તક મારા જનેતાને સમર્પિત

મારા દાદાના માતા-પિતા નાની ઉંમરે અકાળે અવસાન પામ્યા તેથી રોજગારીની શોધમાં પાલિતાણાથી ૧૯૪૫માં ખેડા પ્રાંતમાં આવેલા પેટલાદમાં મિલ મજૂર તરીકે સ્થાયી થયેલાં, તે દરમિયાન પેટલાદમાં જ મારા પિતાજી અને તેમના ૭ ભાઈઓનો જન્મ થયેલો. અત્યંત સંઘર્ષના દિવસોમાં પણ દાદાએ ખ્રિસ્તી શાળાઓની મદદથી પિતાજીને ભણાવેલા. એક



નાનકડા ઘરમાં ૮ ભાઈઓ અને ૧ બહેન ઝઘડ્યા વગર એક રોટલાના ચાર ભાગ કરીને ખુશીથી જીવતા. પિતાજી કહેતા કે શાળાએ પહેરવા બે બરમુડા હતા કોઈકના પ્રસંગમાં જાવું હોય તો પેન્ટ શોધવું એ તો એક મોટો 'ટાસ્ક' બની જતો. છતાં જેને ભૌતિક સુખની અપેક્ષાઓ ઓછી હોય એ તો કુટુંબના પરિજનોના સુખથી જ સંતોષ પામે. સામાન્ય જીવન ચાલતું હતું તેવામાં અચાનક ૮૦ના દાયકામાં બધી મિલો બંધ થવા લાગી અને પરિસ્થિતિ ખૂબ જ કથળી ગઈ. આવા સમયે પિતાજીને પોલીસ અને ફોરેસ્ટમાંથી નોકરીનો કોલ લેટર આવેલો પરંતુ પિતાજીએ પોતાના ભાઈઓની પરિસ્થિતિ જોતાં નક્કી કર્યું કે સરકારી નોકરી નથી કરવી અને બધા ભાઈઓ ભેગા થઈ સેટિંગ (મકાન બાંધકામ) કામ કરીશું. આવા સંજોગોમાં ૧૯૭૯માં એક જ વિચારથી વતન તરફ એટલે કે પાલિતાણા તરફ હંમેશા માટે 'નિષ્ક્રમણ' કર્યું- શૂન્યમાંથી સર્જન કર્યુ અને આજે પણ દરેક ભાઈઓ સાથે છે અને સુખી સંપન્ન છે. પરંતુ આ દરેક નિર્ણયમાં મારી 'માં' પણ અતિ અગત્યનું પાસું છે. મારા માતાશ્રી તે જમાનામાં અમદાવાદમાં કોમર્સમાં ડબલ ગ્રેજ્યુએટ - અઢળક નોકરીઓની ઓફર આવી પરંતુ પિતાજી અને કુટુંબનો સાથ ન છોડવા કોઈ પણ નોકરી સ્વીકારી નહીં અને કુટુંબમાં ભાઈઓ વચ્ચે સંપ બની રહે તે માટે સમગ્ર જીવન કુટુંબ માટે જીવ્યા - મારા માતાને કોલેજ લેવા મૂકવા મારા મામા બુલેટ કે ફોર્ડની કાર લઈને જતાં, જ્યારે લગ્ન પછી મારા પિતાજીની નબળી આર્થિક પરિસ્થિતિમાં તેમણે પોતાનું જીવન એવું બદલી નાખ્યું કે કોઈ દિવસ એક નાની ફરિયાદ પણ ના કરી. પણ કહે છે કષ્ટ તો ઈશ્વર મજબૂત વ્યક્તિને જ આપે. મારા માતાને વર્ષ ૨૦૧૫માં પેરેલીસીસનો એટેક આવ્યો અને ત્યારથી એક હાથ કામ નથી કરતો પરંતુ આજ સુધી મારા પિતાજીએ તેમને કદી અહેસાસ નથી થવા દીધો કે એક હાથ નથી. પિતાજી તેણીનો બીજો હાથ બની ઊભા છે. મારી બહેનો, કુટુંબીજનો અને મારી પત્ની દરેક લોકોએ માતાને કદી એ અહેસાસ નથી થવા દીધો કે તેણીને એક હાથ કામ નથી કરતો. આપ સૌના આશીર્વાદથી એ જલદીથી સારા થઈ જાય એવી પરમ કૃપાળુને પ્રાર્થના.
આ વાત રજૂ કરવા પાછળ ઉદ્દેશ્ય છે કે મારામાં જે પણ સારા ગુણ છે એની પાછળ મારા કુટુંબના સદ્દગુણો છે. પિતાજીનો સંઘર્ષ જ એટલો હતો કે મારા માટે સંઘર્ષ હંમેશા એક મજા જેવી વાત છે. આ પુસ્તક મારા સર્વસ્વ એવા માતા-પિતાને સમર્પિત કરૂં છું.

# ::- અનુક્રમણિકા -::



| ક્રમ | પ્રકરણનું નામ | પેજ નં. |
|---|---|---|
| 1 | ગુજરાતી ભાષા - ઉદ્‌ભવ અને વિકાસ | 1 - 5 |
| 2 | વર્ણ પરિચય | 6 - 11 |
| 3 | પદચ્છેદ અને વિભક્તિ | 12 - 17 |
| 4 | નામયોગી અને કેવળપ્રયોગી | 18 - 20 |
| 5 | નામ (સંજ્ઞા) અને સર્વનામ | 21 - 27 |
| 6 | વિશેષણ | 28 - 34 |
| 7 | ક્રિયાવિશેષણ | 35 - 39 |
| 8 | નિપાત | 40 - 43 |
| 9 | શબ્દકોશ અને જોડણી | 44 - 57 |
| 10 | પદવિન્યાસ | 58 - 59 |
| 11 | કૃદંત | 60 - 64 |
| 12 | શુદ્ધ અને અશુદ્ધ | 65 - 70 |
| 13 | દ્વિરુક્ત અને રવાનુકારી | 71 - 73 |
| 14 | વાક્યના પ્રકારો | 74 - 84 |



Target with Bhavik Maru

| ક્રમ | પ્રકરણનું નામ | પેજ નં. |
|---|---|---|
| 15 | સંધિ | 85 - 95 |
| 16 | વિરામચિહ્નો | 96 - 101 |
| 17 | છંદ | 102 - 120 |
| 18 | સમાસ | 121 - 139 |
| 19 | અલંકાર | 140 - 156 |
| 20 | સમાનાર્થી શબ્દો | 157 - 174 |
| 21 | વિરૂધ્ધાર્થી શબ્દો | 175 - 188 |
| 22 | રૂઢિપ્રયોગો | 189 - 214 |
| 23 | કહેવતો | 215 - 223 |
| 24 | શબ્દસમૂહ | 224 - 240 |
| 25 | તળપદા શબ્દો | 241 - 249 |
| 26 | અર્થભેદ અને જોડણીભેદ | 250 - 252 |
| 27 | અનેકાર્થી શબ્દો | 253 - 258 |


Target with Bhavik Maru

# 1 ગુજરાતી ભાષા – ઉદ્ભવ અને વિકાસ


## ▣ ભાષા એટલે શું ?

- ભાષા એ સંસ્કૃત શબ્દ 'ભાષ્' (બોલવું) પરથી ઊતરી આવ્યો છે.
- પોતાના વિચારોને અભિવ્યક્ત કે રજૂ કરવા માટે જે માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે તેને ભાષા કહેવામાં આવે છે.
- સામાન્ય રીતે આપણે મનુષ્યના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો કોઈ વ્યક્તિ પોતાના વિચારોને કોઈ ધ્વનિ કે ઈશારા દ્વારા બીજા વ્યક્તિ કે વ્યક્તિઓ સુધી પહોંચાડે છે. આ ધ્વનિ કે ઈશારાને આપણે ભાષા ગણી શકીએ.




**''વિશ્વ માતૃભાષા દિવસ''**
**૨૧ ફેબ્રુઆરી**

- જ્યારે કોઈ વ્યક્તિ પોતાના વિચારોને અભિવ્યક્ત કરવા માટે ધ્વનિ કે ઈશારાનો ઉપયોગ કરવાને બદલે કોઈ ચોક્કસ લખાણનો ઉપયોગ કરે છે ત્યારે તે લખાણ **'લિપિ'** તરીકે ઓળખાય છે જેમાં પણ કોઈ ચોક્કસ ભાષાનો પ્રયોગ થયેલો જોવા મળે છે.
- મિત્રો, ચાલો હવે આપણે ઉદાહરણ દ્વારા આ **'ભાષા'(Language) અને 'લિપિ'(Script)** વચ્ચેના ભેદને ઉકેલવાનો પ્રયત્ન કરીએ.
- હાલના **સોશિયલ મીડિયાના** યુગમાં સામાન્ય રીતે લોકો ફેસબુક કે વોટ્સએપ પર એકબીજા સાથે મેસેજ દ્વારા વાતો કરતા જોવા મળે છે.
- આ મેસેજમાં થતી વાતોમાં જ્યારે કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિને મેસેજમાં જણાવે છે કે "Maru nam Bhavik chhe" તો તેણે અહિં ગુજરાતીભાષા અને લેટીન લિપિનો ઉપયોગ કર્યો છે.
- અહીં લખાયેલા "Maru nam Bhavik chhe" માં ગુજરાતી ભાષાના વર્ણ અક્ષરોનો ઉપયોગ થયો નથી, પરંતુ લેટીન લિપિનો ઉપયોગ થયો છે. જ્યારે આ લખાણના વિચારને સમજવા માટે ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવુ જરૂરી છે.




- વધુ સરળ રીતે સમજાવુ તો લેટીન લિપિનું જ્ઞાન ધરાવતો વ્યક્તિ ઉપરના મેસેજના લખાણને વાંચી તો શકશે પણ તેને સમજવા માટે તેને ગુજરાતી ભાષાનું જ્ઞાન અનિવાર્ય બની જશે.
- આમ આપણે કહી શકીએ કે વિચારોને રજુ કરવાનું માધ્યમ **'ભાષા'** છે. જ્યારે ભાષાને લખાણ દ્વારા રજૂ કરવાનું માધ્યમ **'લિપિ'** છે.

## ▣ ગુજરાતી ભાષા

- રાજા ભોજ **ઈ.સ. ૧૦૧૪**માં 'સરસ્વતી કંઠાભરણમ'માં 'ગુજરત્તા' એવા નામોથી ઓળખાવે છે. ત્યારબાદ ૧૨મી સદીમાં હેમચંદ્રાચાર્ય 'ગુર્જર અપભ્રંશ', ભાલણ 'ગુર્જર ભાષા' અને **૧૭મી સદીમાં** પ્રેમાનંદ પહેલીવાર **દશમસ્કંધમાં 'ગુજરાતી ભાષા'** તેવું નામ આપે છે.
- ગુજરાતી ભાષા ગુજરાત રાજ્ય ઉપરાંત દીવ-દમણ, દાદરાનગર હવેલી, મુંબઈ અને પાકિસ્તાન (કરાંચી)માં બોલાતી ભાષા છે.
- ગુજરાતી ભાષા ઈન્ડો-આર્યન ભાષા છે જે ઈન્ડો યુરોપીયન ભાષા કુટુંબનો ભાગ છે.

# 2 વર્ણ પરિચય

## ધ્વનિ

➪ ગુજરાતી ભાષાના બધા જ વાચિક ધ્વનિતંત્ર સાથે જોડાયેલા છે. માનવશરીરના ફેફસામાં રહેલો પ્રાણ (હવા) સ્વરતંત્ર અને નાદતંત્રમાં થઈને મુખપથમાં પ્રવેશે છે ત્યારે દાંત, જીભ, હોઠ, તાળવું વગેરેની મદદથી હવા કે પ્રાણ ઘર્ષણ પામે છે, પરિણામે ધ્વનિ ઉચ્ચારણ થાય છે. ધ્વનિના ઉચ્ચારણને આધારે તેના મુખ્ય બે પ્રકાર પડે છે. **૧. સ્વર અને ૨. વ્યંજન**

**૧. સ્વર**

➪ સ્વર એટલે ગુજરાતી ભાષામાં એવા વર્ણ કે જેનું ઉચ્ચારણ અન્ય કોઈ પણ વર્ણની સહાયતા વગર થઈ શકતુ હોય. **(અ, આ, ઇ, ઈ વગેરે....)**

➪ **મોટા ભાગે વિદ્વાનો સ્વરોની કુલ સંખ્યા ૧૩ ગણે છે. (અ, આ, ઈ, ઇ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ)**

➪ ગુજરાતી ભાષામાં પ્રબોધ પંડિતના મત મુજબ માન્ય સ્વરની સંખ્યા ૮ છે.

➪ અં અને અઃ અનુનાસિક સ્વર છે.

➪ તેના હ્રસ્વ અને દીર્ઘ એવા બે વિભાગો પડે છે.

➪ હ્રસ્વ સ્વરો અ, ઇ, ઉ અને ઋ એમ ચાર છે. આ, ઈ, ઊ અને ૠ એમ ચાર દીર્ઘ સ્વરો છે.

➪ **અ, ઇ, ઉ અને ઋ શુદ્ધ સ્વર છે.**

➪ બીજા સાધીત કે સંયુક્ત સ્વર છે. જેમ કે **અ + અ = આ, ઇ + ઇ = ઈ, ઉ + ઉ= ઊ, અ + ઈ = એ, અ + ઉ= ઓ, અ + એ = ઐ**

➪ **૧. સજાતીય સ્વર :** એક જ ઉચ્ચારણ સ્થાનમાંથી બોલાતા સ્વરો પરસ્પર સજાતીય હોય છે.
ઉદા. અ અને આ, ઇ અને ઈ, ઉ અને ઊ એ પરસ્પર સજાતીય સ્વરો છે.

➪ **૨. વિજાતીય સ્વર :** જુદા જુદા ઉચ્ચારણ સ્થાનેથી બોલાતા સ્વરો પરસ્પર વિજાતીય સ્વર કહેવાય છે.
ઉદા. 'અ' અને 'આ' ના વિજાતીય સ્વરો ઇ, ઈ, ઉ અને ઊ છે. 'ઇ' અને 'ઈ' ના વિજાતીય સ્વરો અ, આ, ઉ અને ઊ છે. 'ઉ' અને 'ઊ' ના વિજાતીય સ્વરો અ, આ, ઇ અને ઈ છે.

**૨. વ્યંજન (વિ + અંજન)**

➪ વ્યંજનો એટલે કે **'ક' થી લઈને 'ળ'** સુધીના બધા જ વ્યંજનો જે સ્વતંત્ર રીતે બોલી શકાતા નથી. વ્યંજનને પૂર્ણ રીતે ઉચ્ચારવા માટે સ્વરનો આશરો લેવો પડે છે. આપણે જ્યારે ક બોલીએ છીએ ત્યારે 'ક્' અને 'અ' મળીને 'ક' થાય છે.

➪ 'કામ' એવો શબ્દ બોલવા માટે ક્ + આ તથા મ્ + અ એમ ઉચ્ચાર કરાય છે. એટલે કે ક્ + અ = ક થાય છે. વ્યંજન એકલા કદી ઉચ્ચારી શકાતાં નથી! અ ને ભેળવ્યા વિના માત્ર 'ક્' બોલી જુઓ! જીભ કંઠ પાસે જ અટકી જશે!

➪ આપણે જેને કક્કો, વર્ણ કે વ્યંજન કહીએ છીએ તે ક થી જ્ઞ સુધીના અક્ષરોમાં ક્ષ અને જ્ઞ બંને હકીકતે ક્ + ષ્ + અ = ક્ષ અને જ્ + ઞ્ + અ = જ્ઞ હોય છે અને તેમને સ્વતંત્ર વ્યંજનો ગણવામાં આવતાં નથી.

➪ ગુજરાતી ભાષામાં **૩૪ વ્યંજનો** છે. ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ, ળ.

➪ વ્યંજન ઉચ્ચારણ વખતે **શ્વાસોચ્છ્વાસ** દરમિયાનની હવા જ્યાં પણ અટકી અથવા ઘસાઈને અથડાઈને બહાર આવે છે, તે સ્થાનના નામ પરથી વ્યંજનોને વર્ગીકૃત કરાયા છે.

Target with Bhavik Maru

# 3 પદચ્છેદ અને વિભક્તિ

## પદચ્છેદ એટલે શું ?

- દરેક ભાષાનું વાક્ય જુદાં-જુદાં શબ્દોના સમૂહમાંથી બને છે. વાક્યમાં વપરાયેલ આ શબ્દને 'પદ' કહેવામાં આવે છે અને વાક્યમાં વપરાયેલા જુદાં જુદાં પદોને જુદા પાડી તેમની લાક્ષણિકતાઓ પ્રમાણે તેમની ઓળખ રજુ કરવી એને **'પદચ્છેદ'** કહે છે.
- **'પદચ્છેદ'** એટલે પદોને છૂટા પાડી તેની વ્યાકરણીય પરિભાષામાં ઓળખ આપવી.
- ગુજરાતી ભાષામાં મુખ્યત્વે નીચે મુજબના પાયાના વ્યાકરણીય તત્વો છે.

૧. સંજ્ઞા　૨. સર્વનામ　૩. વિશેષણ　૪. ક્રિયાપદ　૫. કૃદંત
૬. ક્રિયાવિશેષણ　૭. નામયોગી તથા નિપાત　૮. સંયોજક　૯. કેવળપ્રયોગી અવ્યવ

| ક્રમ | પદનો પ્રકાર | પદની ટૂંકમાં સમજ |
|---|---|---|
| ૧. | સંજ્ઞા | વસ્તુ, વ્યક્તિ, પદાર્થ,ઘટના, લાગણી કે સ્થળને ઓળખ આપતો શબ્દ. |
| ૨. | સર્વનામ | વાક્યમાં નામને બદલે કેટલાક પદો આવે છે તેને 'સર્વનામ' કહે છે. |
| ૩. | વિશેષણ | જે શબ્દ પ્રાણી કે પદાર્થનાં નામ કે ગુણના અર્થમાં વધારો કરે તે વિશેષણ. |
| ૪. | ક્રિયાપદ | વાક્યમાં ક્રિયા સૂચવતો શબ્દ ક્રિયાપદ કહેવાય. |
| ૫. | કૃદંત | ક્રિયાપદ જેવું દેખાતું પણ ક્રિયાપદ જેમ ન વર્તતુ પદ કે જે અન્ય કોઈ પદનું વિશેષણ કે ક્રિયાવિશેષણ હોય તેને કૃદંત કહેવાય. |
| ૬. | ક્રિયાવિશેષણ | વાક્યમાં ક્રિયા વિશેની વધારાની માહિતી એટલે ક્રિયાની રીત આપતો શબ્દ. |
| ૭. | નામયોગી | જે અવ્યય નામ કે સર્વનામની સાથે જોડાયેલાં હોય છે અને વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે, તે 'નામયોગી અવ્યય' કહેવાય છે. |
| ૮. | સંયોજક | બે શબ્દ કે વાક્યને જુદા પાડતો શબ્દ. |
| ૯. | કેવળપ્રયોગી | મનમાં હર્ષ, શોક, ગભરાટ, અહોભાવ વગેરેની લાગણી જાગતાં જે શબ્દ મોં માંથી સરી પડે છે, તેને 'કેવળપ્રયોગી અવ્યય' કહેવાય છે. |
| ૧૦. | નિપાત | જે શબ્દના વાક્યમાં રહેવા કે ન રહેવાથી મૂળ અર્થમાં ફેર પડતો નથી પરંતુ ભાવમાં વધારો કે ઘટાડો થાય તેને નિપાત કહેવાય. |

**ઉદાહરણ – ૧. સત્ય એ જ પરમાત્મા છે.**

- આ વાક્યમાં કુલ પાંચ પદ છે. આ પદને પદચ્છેદની રીતે અલગ અલગ કરીને વ્યાકરણની રીતે દર્શાવી શકાય છે.

| | | |
|---|---|---|
| ૧. | સત્ય | ભાવવાચક નામ |
| ૨. | એ | દર્શક વિશેષણ |
| ૩. | જ | નિપાત |
| ૪. | પરમાત્મા | વ્યક્તિવાચક નામ |
| ૫. | છે. | સહાયકારક ક્રિયાપદ |

# 4 નામયોગી અને કેવળપ્રયોગી

## ▣ નામયોગી એટલે શુ ?

➩ જે અવ્યય નામ કે સર્વનામની સાથે સીધા જોડાયા વગર વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે તે **'નામયોગી અવ્યય'** કહેવાય છે.

➩ નામયોગીનો સંબંધ ક્રિયાપદ સાથે હોય છે છતાં નામ સાથે તેનો પ્રયોગ થાય છે અને તે વિભક્તિના અનુગની ગરજ સારે છે.

➩ અનુગો નામની સાથે જોડીને લખાય છે, જ્યારે નામયોગીઓ નામથી છૂટા લખાય છે.

ઉદાહરણ : ૧. તેણે ચપ્પુથી ફળ કાપ્યું.

૨. તેણે ચપ્પુ દ્વારા ફળ કાપ્યું.

➩ (૧) વાક્યમાં ચપ્પુની પાછળ 'થી' નામનો અનુગ લાગ્યો છે. જ્યારે (૨) વાક્યમાં 'દ્વારા' નામનો એક અલગ જ શબ્દ લાગ્યો છે.

➩ આ પદ સાથે જ અનુગ જોડાયેલો હોય ત્યારે તેને વિભક્તિ અને પદથી અલગ કોઈ અવયય જોડાયેલો હોય તો તેને નામયોગી કહેવાય.

➩ **વડે, માટે, થકી, વતી, આગળ, પાછળ, સારુ, કાજે, અર્થે, તણું, દ્વારા, લીધે, વિશે, બદલે, સ્થાને, પ્રમાણે, કારણે, પેઠે, જેમ, જેવું, કરતાં, સિવાય, તરફ, લેખ રૂપે, લઈને** વગેરે નામયોગીઓ છે.

➩ નામયોગીના અર્થ અનુગોના પ્રમાણમાં વધારે ચોક્કસ અને નક્કર હોય છે.

➩ કેટલાક નામયોગી કેવળ નામયોગી તરીકે જ આવે છે, તો કેટલાક ક્રિયાવિશેષણ કે સંયોજક તરીકે પણ આવે છે.

➩ અનુગો એક સાથે એકથી વધારે આવી શકે છે, પણ નામયોગીઓ એક સાથે એક થી વધારે આવી શકતા નથી.

Target with Bhavik Maru

### <u>નામયોગીના પ્રકારો</u>

| નામયોગીના પ્રકારો | વ્યાખ્યા/નિશાની | ઉદાહરણ |
|---|---|---|
| કરણવાચક નામયોગી | ક્રિયાનું સાધન, માધ્યમ, રીતે અને કારણ<br>**નિશાની :** થી, થકી, વડે, મારફત, પેઠે, દ્વારા, માફક, સહિત, વિના, વતી, તરીકે, બદલે, લીધે વગેરે.... | - તે વિમાન **દ્વારા** દિલ્લી ગઈ.<br>- તે બસ **મારફતે** શાળાએ પહોંચી.<br>- તે સાયકલના **બદલે** ચાલતા ઘરે ગઈ.<br>- તે લાકડી **વડે** ચાલતો હતો.<br>- પુરના **લીધે** હાહાકાર મચી ગયો. |
| અધિકરણ/ દિશાસૂચક નામયોગી | ક્રિયાનું સ્થાન, દિશા, સમય દર્શાવે છે.<br>**નિશાની :** અંદર, આગળ, પાછળ, ઉપર, નીચે, બહાર, સામું, પાસે, મહીં, તરફ, વગેરે... | - હું રૂમની **અંદર** છું.<br>- મોહન મંદિર **તરફ** દોડી ગયો.<br>- ડચકારા દઈ દઈ ગાયો ચરાવવી, ને છાંય **મહીં** ખઈ લેવો પોરો.<br>- સંતના અંતર **મહીં** ઉજાસ.<br>- તે ઘરની **બહાર** નીકળ્યો. |
| અપાદાનવાચક નામયોગી | છૂટા પડવાનો, જુદા પડવાનો અર્થ દર્શાવે.<br>**નિશાની :** પરથી, થકી, ઉપરથી, અંદરથી, કરતા વગેરે... | - ઝાડ **પરથી** પર્ણ નીચે પડ્યું.<br>- તે ધાબા **પરથી** નીચે કૂધ્યો. |

# 5 નામ (સંજ્ઞા) અને સર્વનામ

## ▣ નામ (સંજ્ઞા) એટલે શું ?

➪ ભાષાના જે શબ્દો દ્વારા કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થળ કે ખ્યાલનો નિર્દેશ થાય છે તેને 'સંજ્ઞા' કે 'નામ' કહે છે.

➪ એટલે કે જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, ગુણ, ક્રિયા, લાગણી કે સ્થિતિ ઓળખાય તેને નામ (સંજ્ઞા) કહે છે.

➪ નામના છ પ્રકાર છે.

**(i) વ્યક્તિવાચક**

**(ii) જાતિવાચક**

**(iii) સમૂહવાચક**

**(iv) દ્રવ્યવાચક**

**(v) ભાવવાચક**

**(iv) ક્રિયાવાચક**

### (i) વ્યક્તિવાચક સંજ્ઞા - Proper Noun - વિશેષનામ

➪ કોઈ વ્યક્તિ, વસ્તુ, પ્રાણી કે પદાર્થને ઓળખવા માટે તેને ચોક્કસ નામ આપવામાં આવે છે તેને વ્યક્તિવાચક નામ કહેવાય છે.

➪ કોઈપણ જાતિવાચક સંજ્ઞામાંથી કોઈ એક વિશેષ વસ્તુ કે વ્યક્તિની અલગ ઓળખ આપતી સંજ્ઞા, તેનું

(અ) બહુવચન શક્ય નથી.

(બ) દેખી કે સ્પર્શી શકાય.

(ક) ગણી શકાય.

➪ **વ્યક્તિઓના નામ :** ભાવિક, રાજેશ, રીના, રાધિકા, મોહન, મીતા, સીતા, રીટા, સંજય.

➪ **નદીઓના નામ :** સાબરમતી, ગોમતી, ગંગા, યમુના, કાવેરી, મહિ, નર્મદા.

➪ **પર્વતોના નામ :** ગિરનાર, હિમાલય, અરવલ્લી, શેત્રુંજય.

➪ **શહેરોના નામ :** ભાવનગર, અમદાવાદ, રાજકોટ, કચ્છ, પોરબંદર.

➪ **રાજ્યોના નામ :** ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, પંજાબ, દિલ્લી, આસામ.

➪ **દેશોના નામ :** ભારત, ચીન, અફઘાનિસ્તાન, જાપાન, બાંગ્લાદેશ.

➪ **તહેવારોના નામ :** દિવાળી, ધૂળેટી, રામનવમી, રક્ષાબંધન, વસંતપંચમી.

➪ **દિવસોના નામ :** સોમવાર, મંગળવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર, શનિવાર, રવિવાર.

➪ **મહિનાઓના નામ :** કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો.

➪ **ગ્રંથોના નામ :** રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, સામવેદ.

➪ **ગ્રહોના નામ :** સૂર્ય, ચંદ્ર, કેતુ.

### ❖ GCERTના ઉદાહરણ

૧. ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં.

૨. લ્યો, હવે આહવાની વાત કરું.

૩. મારગની ધૂળને ઢંઢોળી પૂછે, મારા માધવને દીઠો છે ક્યાંય?

૪. ગાંધીજી માંદગીને લગભગ અપરાધ ગણતાં.

૫. ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ જેને વચનુંની સાથે વેવાર રે.

### (ii) જાતિવાચક સંજ્ઞા - Common Noun – સામાન્ય નામ

➪ જે નામ આખા વર્ગ કે જાતિને દર્શાવતું હોય તે નામને જાતિવાચક નામ કહેવાય છે.

➪ અલગ-અલગ સંજ્ઞાઓ જો કોઈ સામાન્ય લક્ષણો ધરાવે તો આ લક્ષણોને આધારે તેમનો એક નવો વર્ગ બની શકે જેને આપણે કોઈ સામાન્ય નામ આપી શકીએ જે એક અલગ જાતિ બનાવે.

**(અ)** તેનું એકવચન બહુવચન થવું જ જોઈએ.

**(બ)** તેને દેખી કે સ્પર્શી શકાય.

**(ક)** તેને ગણી શકાય.

Target with Bhavik Maru

# 6 વિશેષણ

## ▣ વિશેષણ એટલે શું ?

➪ જે શબ્દ નામના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહેવાય.

➪ જે શબ્દ પ્રાણી કે પદાર્થનાં ગુણ કે ક્રિયાને વર્ણવી તેના અર્થમાં વધારો કરે તે વિશેષણ અથવા તો નામ વિશેની વધારાની માહિતી આપતો શબ્દ વિશેષણ કહેવાય.

➪ દા.ત.

૧. આકાશમાં <u>સુંદર</u> તારા ટમટમે છે.

૨. <u>લાલ</u> ફૂલ મને ગમે છે.

૩. તમે <u>**શહેરી**</u> લોકો આમાં નહી સમજો.

➪ ઉપરોક્ત વાક્યમાં **સુંદર, લાલ** અને **શહેરી વિશેષણ** છે, જ્યારે **તારા, ફુલ** અને **લોકો વિશેષ્ય**છે.

**<u>મારૂ સાહેબની મોજ</u>**

સંજ્ઞાને કેવા, કેવી, કેવું પૂછશો તો વિશેષણ મળશે.

## વિશેષણના પ્રકારો

➪ વિશેષણના કુલ ચાર પ્રકારો નીચે પ્રમાણે છે.

**A. રચનાગત**

**B. સ્થાન પ્રમાણે**

**C. અર્થ પ્રમાણે**

**D. રૂપ ઘડતરની દ્રષ્ટિએ**

### (A) રચનાગત પ્રમાણે વિશેષણના પ્રકારો

➪ રચનાગત કે સ્વરૂપ – બંધારણની દ્રષ્ટિએ વિશેષણના બે પ્રકાર છે.

**૧. વિકારી વિશેષણ** **૨. અવિકારી વિશેષણ**

### ૧. વિકારી વિશેષણ

➪ સંજ્ઞાના લિંગ - વચન અનુસાર જે વિશેષણનું રૂપ બદલાય તે **વિકારી વિશેષણ** કહેવાય છે.

➪ નાનું, મોટું, અડધું, આખું, સાજું, માંદું, સારું, કાળો, ખુલ્લું, મીઠું, શાણો, બમણું, લાંબુ, ઝીણું, ડાહ્યો, ઊંચો, ખાટું, જાડી, પાતળી.

દા.ત. ‘ઉઘાડું’.

➪ “ઉઘાડી થાળી” (થાળી” ➪સ્ત્રીલિંગ)

➪ “ઉઘાડો ખોરાક” (ખોરાક” ➪ પુંલ્લિંગ)

➪ “ઉઘાડું બારણું” (બારણું” ➪ નપુંસકલિંગ)

➪ “ઉઘાડાં બારણાં” (બારણાં” ➪નપુંસકલિંગ, બહુવચન)

➪ વિશેષ્યના જાતિ અને વચનના ફેરફારને લીધે રૂપ બદલાય છે.

**ઉદાહરણો : સારો પુરૂષ, સારી સ્ત્રી, સારું બાળક / સારા બાળકો**

### ૨. અવિકારી વિશેષણ

➪ સંજ્ઞાના લિંગ કે વચન કોઈ પણ હોય પરંતુ વિશેષણનું રૂપ ન બદલાય યથાવત્ રહે તેને **અવિકારી વિશેષણ** કહેવાય.

➪ સફેદ, ત્રણ, ચાર, ગરમ, સુંદર, લાલ, મૂર્ખ, ઉત્સાહી, હોશિયાર, અજબ, ગરીબ, કરુણ, રાંક, નટખટ, યોગ્ય, કોઈ, પ્રમાણિક, બંધ, વાસી, ખરાબ, તોફાની

➪ વિશેષ્યના જાતિ અને વચનના ફેરફારને લીધે રુપ બદલાતા નથી.

➪ ચતુર પુરૂષ, ચતુર સ્ત્રી, ચતુર બાળક/ચતુર બાળકો

➪ ઉપરના ઉદાહરણો પરથી સમજી શકાય છે કે સારો, સારી, સારૂ એટલે કે લિંગ અને વચન ફરતા વિશેષણે પોતાનું રૂપ બદલે છે તેથી તે વિકારી છે જ્યારે ચતુર વિશેષણ રૂપ બદલતું નથી તેથી તે અવિકારી છે.

### (B) સ્થાન પ્રમાણે વિશેષણના પ્રકારો

**૧. અનુવાદ્ય વિશેષણ** **૨. વિધેય વિશેષણ**

### ૧. અનુવાદ્ય વિશેષણ

➪ વિશેષણનું સ્થાન પ્રથમ, વિશેષ્યનું સ્થાન દ્વિતીય.

ઉદાહરણ : પેલું <u>સુંદર</u> (વિશેષણ) <u>ફૂલ</u> (વિશેષ્ય) લાવો.

### ૨. વિધેય વિશેષણ

➪ વિશેષ્યનું સ્થાન પ્રથમ, વિશેષણનું સ્થાન દ્વિતીય.

ઉદાહરણ : પેલી <u>સ્ત્રી</u> (વિશેષ્ય) <u>સુંદર</u> (વિશેષણ) છે.

Target with Bhavik Maru

# 7 ક્રિયાવિશેષણ

## ▣ ક્રિયાવિશેષણ એટલે શું ?

➪ વાક્યમાં ક્રિયા વિશેની કોઈ વધારાની માહિતી આપતા શબ્દને ક્રિયાવિશેષણ કહે છે.

➪ સસલું દોડે છે.

➪ સસલું **ઝડપથી** દોડે છે.

➪ ક્રિયાપદને **કઈ રીતે, ક્યારે, ક્યાં, કેવી રીતે** વગેરે પૂછવાથી ક્રિયાવિશેષણ મળે છે.

➪ ઉપરના વાક્યમાં દોડવાની વાત છે, જે ક્રિયા દર્શાવે છે. જ્યારે આ ક્રિયાના અર્થમાં ઉમેરો કરવા ક્રિયાવિશેષણ તરીકે ઝડપથી શબ્દનો ઉપયોગ થયો છે.

➪ જેમ નામના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહેવાય. તેમ જે ક્રિયાના અર્થમાં વધારો કરે તેને ક્રિયાવિશેષણ કહેવાય.

| **વિશેષણ** | **ક્રિયાવિશેષણ** |
|---|---|
| મારે ખૂબ કામ છે. | આજે અમે ખૂબ રમ્યા. |
| તમે મને ચોક્કસ સરનામું આપી શકો? | સાંજે તું ચોક્કસ આવજે. |
| આજે બહુ મહેમાનો આવશે. | સાહેબે અમને બહુ દોડાવ્યા. |

## ▣ ક્રિયાવિશેષણના પ્રકાર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧. સ્થળવાચક** | **૨. કાળવાચક** |
| **૩. રીતિવાચક** | **૪. પરિમાણ / પ્રમાણવાચક** |
| **૫. ક્રમવાચક** | **૬. નિશ્ચયવાચક** |
| **૭. સ્વીકારવાચક** | **૮. નિષેધ / નકારવાચક** |
| **૯. સંભાવનાવાચક** | **૧૦. કારણવાચક / હેતુવાચક** |

ઉદા : ૧. મોટાભાઈ દોડે છે.
૨. મોટાભાઈ **સવારે** દોડે છે.
૩. મોટાભાઈ **બગીચામાં** દોડે છે.
૪. મોટાભાઈ **ઝડપથી** દોડે છે.
૫. મોટાભાઈ **સવારે બગીચામાં ઝડપથી** પાંચ રાઉન્ડ દોડે છે.

➪ આપેલ ઉદાહરણોમાં સમયવાચક, સ્થળવાચક, રીતિવાચક જેવા ક્રિયાવિશેષણ જોવા મળે છે.

**૧. સ્થળવાચક –** ક્રિયાપદને **ક્યાં** પૂછવાથી મળે.

➪ **સ્થળસૂચક શબ્દો :** નજીક, ત્યાં, ક્યાં, અહીં, ઉપર, સર્વત્ર, નીચે, હેઠળ, ઊંચે, આઘે, છેટે, પાસે, અંદર, બહાર, દૂર, લગોલગ.

ઉદા. ૧. તારૂ પુસ્તક **અહીં** છે.
૨. એણે **આજુબાજુ** નજર કરી.
૩. કનોજે ગેસ્ટહાઉસ **નજીક** કાર રોકી.
૪. તું આનંદને **અહીં** મોકલીશ ?
૫. રિસીવર પછાડી સુશી **બહાર** દોડી ગઈ.
૬. તેને **દૂર** નવી દુનિયા વસાવવી હતી.
૭. સુશીએ **ઉપર** જોયું.
૮. તેણે **પાસે** આવી વાત કહી.
૯. **અહીં** બાળકો રમે છે.
૧૦. તે **પુસ્તકાલયમાં** વાંચે છે.
૧૧. નિરીક્ષકે **આજુબાજુ** જોયું.
૧૨. શ્યામ **દૂર** ઊભાઊભા જોતો હતો.
૧૩. તે **નીચે** બેસી ગયો.

**૨. કાળવાચક** - ક્રિયાપદને **ક્યારે** પૂછવાથી મળે.

➪ **કાળસૂચક શબ્દો :** ત્યારે, ક્યારે, અત્યારે, હમણાં, સદા, સર્વદા, નિત્ય, તુરંત, હંમેશા, નિરંતર, ક્યારેક, કદી, વારંવાર, અવારનવાર, હવે, દિવસે, ઓણ, પોર, રોજ, પ્રતિદિન, સવારથી

ઉદા. ૧. તું **સદા** આવો રહેજે.
૨. અમે **તરત** પાછા જવાના હતા.
૩. પપ્પા **ઘણા** વખતથી તમારું સરનામું શોધતા હતા.
૪. નર્મદાએ મને **હરહંમેશ** જાગૃત કર્યો છે.
૫. અમારી છત્રી એમ **વરસદિવસમાં** તૂટી ન જાય !
૬. બા બિચારી **રાતદિવસ** વૈતરું કરતી.
૭. **હવે** એ જયહિંદ હોટલમાં રહે છે.
૮. એ સલાહો હું **પાંચ મિનિટમાં** ભૂલી ગયો.
૯. થાક કે કંટાળાની **કદી** ફરિયાદ નહીં.

Target with Bhavik Maru

# 8 નિપાત

## નિપાત એટલે શું ?

➩ વાક્યમાં ભાર, નિશ્ચય, સીમા કે વિનય દર્શાવતા પદો કે જે શબ્દના વાક્યમાં રહેવા કે ન રહેવાથી તેના મૂળ અર્થમાં ફેર પડતો નથી પરંતુ ભાવમાં વધારો કે ઘટાડો થાય તેને નિપાત કહેવામાં આવે છે.

➩ ગુજરાતી ભાષામાં કેટલાક ઘટકો એવા પણ હોય છે જે સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ અને ક્રિયાપદ સાથે આવીને ભાર, વિનંતી, સીમા વગેરે અર્થો વ્યક્ત કરે છે, તે ઘટકોને નિપાત કહેવાય છે.

➩ ગુજરાતી ભાષાના માન્ય નિપાતો **જ, પણ, ખરું, ખરો, ખરી, જી, સુધ્ધાં, ને, ય, ફક્ત, તો,** કેવળ અને **માત્ર** છે.

**નિપાતના મુખ્ય પ્રકાર**

- ભારવાચક
- સીમાવાચક
- ખાતરીવાચક
- વિનયવાચક
- પ્રકીર્ણ
- લટકણિયારુપ

## ભારવાચક નિપાત

➩ જ્યારે વાક્યનો કોઈ શબ્દ કે અક્ષર પર ભાર મૂકવામાં આવે ત્યારે વપરાતા નિપાતને ભારવાચક નિપાત કહે છે.

➩ જ, તો, ય, પણ, સુધ્ધાં, ખરો, ખરી, ખરું ભારવાચક નિપાત છે.

ઉદાહરણ :

૧. કરણ જ આ લખી શકે.
૨. ગામમાં છકડો **તો** મળી જ રહે.
૩. આમને રમકડું **પણ** આપો.
૪. **રમીલાય** ગીત ગાશે.
૫. ભણેલા **સુધ્ધાં** આવી ભૂલ કરે છે.
૬. હું **તો** જઈશ.
૭. રાજા ડાહ્યો **ખરો**.
૮. તેને **પણ** દ્વારકા જવું છે.
૯. એનું કામ ધીમું **સુધ્ધાં** હોય છે.
૧૦. હું ન **પણ** જાઉં.
૧૧. મનીષ જ જીતશે.
૧૨. તારે વાર્તા લખવી જ છે?
૧૩. રોહન **તો** આવશે જ.
૧૪. હું હંમેશા ખુશ જ રહું છું.
૧૫. રાધાને જોઈને તું ખૂબ જ ખુશ થઈશ.
૧૬. તે ક્યારેય કલ્પના **પણ** નઈ કરી હોય.
૧૭. મોહન **પણ** મીઠાઈ લાવશે.
૧૮. કાલે સવારે **પણ** તારે જ ગાયો ચરાવવા જવાનું છે.

## સીમાવાચક નિપાત

➩ જ્યારે વાક્યના કોઈ શબ્દ પર સીમા કે મર્યાદાનો અર્થ અભિવ્યક્ત થતો હોય ત્યારે તે સીમાવાચક નિપાત કહેવાય.

➩ ફક્ત, કેવળ, તદ્દન, સાવ, છેક, માત્ર, બિલકુલ સીમાવાચક નિપાત છે.

ઉદાહરણ :

૧. **ફક્ત** પાંચ મિનિટમાં આવ્યો.
૨. કેવળ તારા માટે છે.
૩. **તદ્દન** ખોટુ બોલે છે.
૪. તે **સાવ** એકલો પડી ગયો છે.
૫. હું **છેક** સુધી આવીશ.
૬. **માત્ર** મારે બોલવાનું છે.
૭. મારી વાતો તેને **બિલકુલ** પસંદ નથી.
૮. **છેક** આવું થશે એવી મારી ધારણા નહોતી.
૯. તે **છેક** સુધી મારી સાથે આવ્યો.
૧૦. માનવી તો **કેવળ** માનવી.
૧૧. **ફક્ત** મનીષ જીતશે.
૧૨. હું **માત્ર** ઉંબરે ઊભી છું.
૧૩. મેઘા **સાવ** પાછળથી આવી.
૧૪. **માત્ર** મીઠાઈ ખાવાનું નક્કી કર્યું.
૧૫. તેને **માત્ર** અંગ્રેજી શીખવું છે.
૧૬. તે **ફક્ત** મીઠાઈ વહેંચવા આવી હતી.
૧૭. **કેવળ** એક વસ્તુ જે આપણને પતનથી દૂર રાખે.
૧૮. **કેવળ** ફરવાને નીકળ્યો છું જાણે સંધ્યાકાળે.
૧૯. મે રજનીને જોઈ કે **માત્ર** શંકા હતી?
૨૦. તેણે **કેવળ** અફવા ફેલાવી હતી.

Target with Bhavik Maru

# 9 શબ્દકોશ અને જોડણી

## શબ્દકોશ એટલે શું ?

- શબ્દકોશ એટલે કોઈ પણ ભાષાના શબ્દોનો સમૂહ ધરાવતો ગ્રંથ.
- શબ્દકોશમાં શબ્દોની સાચી જોડણીની સાથે સાથે તેમનો ક્રમ પણ આપેલો હોય છે.
- શબ્દકોશના શબ્દોને ક્રમમાં ગોઠવવા માટે ચોક્કસ નિયમોનો ઉપયોગ થાય છે જેનો અભ્યાસ આપણે આ પ્રકરણમાં કરીશું.
- સૌપ્રથમ આપણે ગુજરાતી ભાષાના શબ્દકોશનો થોડો ઈતિહાસ જાણી લઈએ.

## ગુજરાતી શબ્દકોશની વિકાસયાત્રા

- ગુજરાતી ભાષાનો સૌપ્રથમ શબ્દકોશ લખવાનો પ્રયત્ન **કવિ નર્મદે** કર્યો હતો.
- તેમણે વર્ષ ૧૮૬૦થી ૧૮૬૮ એમ નવ વર્ષ સુધી પ્રયત્ન કરીને **'નર્મકોશ'** નામે ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દકોશ તૈયાર કર્યો હતો.
- આ શબ્દકોશ તેના **કુલ ચાર ભાગમાં** વિભાજીત થયેલો હતો જેનો પ્રથમ ભાગ વર્ષ **૧૮૬૧**માં, બીજો ભાગ **૧૮૬૨**માં, ત્રીજો ભાગ વર્ષ **૧૮૬૪**માં અને ચોથો ભાગ **૧૮૭૩**માં પ્રકાશિત થયો હતો.
- આમ નર્મદનો **ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દકોશ 'નર્મકોશ'** ગુજરાતી ભાષાના શબ્દકોશના વિકાસનું પ્રથમ પગથિયું ગણી શકાય.
- નર્મદના આ પ્રયત્નથી ગુજરાતી ભાષાને સારા ફળ જરૂર મળ્યા હશે પરંતુ ઘણાં લાંબા સમય સુધી આ દિશામાં કોઈ સુધારો ન થયો.
- વર્ષ ૧૯૨૦ માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા મહાત્મા ગાંધીજીના કહેવાથી **કાકાસાહેબ કાલેલકર, મહાદેવભાઈ દેસાઈ** અને **નરહરિભાઈ પરીખ** દ્વારા **સાર્થ જોડણીકોશ** તૈયાર કરવામાં આવ્યો.
- આ **સાર્થ (જે અર્થ સાથે છે તે - બહુવ્રીહિ સમાસ)** જોડણીકોશની **પ્રથમ આવૃત્તિ વર્ષ ૧૯૨૯** માં બહાર પાડવામાં આવી હતી જેને વર્ષ ૧૯૩૬ **માં ગુજરાત સાહિત્ય પરિષદે માન્યતા** આપી હતી.
- આ ઉપરાંત ૨૬ વર્ષની મહેનત બાદ ગોંડલના રાજવી ભગવતસિંહજીએ **ચંદુભાઈ બહેચરભાઈ પટેલ** પાસે **'ભગવદ્ ગોમંડલ'** નામનો શબ્દકોશ તૈયાર કરાવ્યો હતો. જેની પ્રથમ આવૃત્તિ વર્ષ ૧૯૪૪ માં પ્રકાશિત થઈ હતી.
- મહાત્મા ગાંધીજીએ કહ્યુ હતુ કે, ''અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતા આપણને શરમ લાગે છે, તેના કરતા માતૃભાષાની જોડણીનો વધ કરતા આપણને વધારે શરમ લાગવી જોઈએ.''
- ગાંધીજીની ગુજરાતી ભાષા પ્રત્યેની આ જ સંવેદનશીલતાના પરિણામે સાર્થ જોડણી કોશની પ્રથમ આવૃત્તિને આવકારતા ગાંધીજીએ કહ્યું કે, **''હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.''**
- વર્ષ ૧૯૪૦ માં તેમણે હરિજનબંધુમાં નોંધ્યું હતું કે, ''જેવી અરાજકતા ગુજરાતી શબ્દની જોડણી વિશે પ્રવર્તે છે, એવી ભાગ્યે જ બીજી કોઈ ભાષામાં હશે. મરાઠીમાં નથી, બંગાળીમાં નથી, તમિલમાં નથી, ઉર્દૂમાં નથી, યુરોપની ભાષાઓમાં તો નથી જ. જે ભાષાના શબ્દોની જોડણી બંધાઈ ન હોય તે ભાષાના બોલનારા જંગલી ન કહેવાય તો શું કહેવાય?''
- સાર્થ જોડણીકોશ અને ભગવદ્ગોમંડલ વિશે વધુ ચર્ચા પ્રથમ પ્રકરણમાં કરેલી છે.
- ગાંધીજીના શબ્દો પરથી તમે વિચારી શકો છો કે શબ્દકોશ તૈયાર કરવામાં જોડણીનું મહત્ત્વ ખાસ હોય છે, એટલે આપણે સૌપ્રથમ શબ્દોની જોડણી વિશે પરિચય મેળવીએ.

## જોડણી

- સામાન્ય રીતે જોડણી શબ્દ સાંભળતાની સાથે જ તમને થશે કે **''નહી આવડે તો !''** પણ શું તમે ક્યારેય જોડણી વિશેના નિયમો જાણવાનો કે સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ? તો ચાલો આપણે આ નિયમોને જાણીને સમજવાનો પ્રયત્ન કરીએ.

Target with Bhavik Maru

# 10 પદવિન્યાસ

## પદવિન્યાસ એટલે શું ?

- વાક્યરચનામાં દરેક પદનો ચોક્કસ ક્રમ હોવો જરૂરી છે જેને પદવિન્યાસ કહેવામાં આવે છે.
- પદ એટલે 'શબ્દ' અને વિન્યાસ એટલે 'ગોઠવણી'.
- આપણે જાણીએ છીએ કે વાક્ય શબ્દનું બને છે, પણ માત્ર શબ્દોને મુકી દેવાથી વાક્ય બનતું નથી. તેની યોગ્ય ક્રમમાં ગોઠવણી પણ જરૂરી છે.

**ઉદાહરણ :** ૧. વર્ષના તમને નૂતન અભિનંદન. ૨. નૂતન વર્ષના તમને અભિનંદન.

- ઉપરના પ્રથમ વાક્યમાં તમે જોઈ શકો છો કે શબ્દોની યોગ્ય ગોઠવણી નહી હોવાને કારણે કોઈ સ્પષ્ટ અર્થ નીકળતો નથી જ્યારે બીજા વાક્યમાં સ્પષ્ટ અર્થ નીકળે છે.
- ગુજરાતી ભાષામાં પદવિન્યાસની કેટલીક લાક્ષણિકતાઓ છે, જેમાં ક્રિયાવિશેષણ-ક્રિયાપદ, વિશેષણ-વિશેષ્ય, કર્તા-કર્મ-ક્રિયાપદ પરત્વે પદક્રમનાં કેટલાક નિયમો કામ કરે છે.

Target with Bhavik Maru

## પદવિન્યાસના નિયમો

### નિયમ - ૧

**ગુજરાતીમાં વાક્ય સૌથી મહત્ત્વનો પદક્રમ વિશેષણ-વિશેષ્યના ક્રમનો છે, કારણ કે વિશેષણ-વિશેષ્ય સંબંધ સ્થાનનિયત છે. સામાન્ય રીતે વિશેષણાત્મક પદ વિશેષ્યની પહેલાં આવે છે.**

**ઉદાહરણ**

- **સુગંધી ફુલ** સૌને ગમે.
  (સુગંધી – વિશેષણ અને ફુલ - વિશેષ્ય)
  **નોંધ :** વિધેય રૂપે આવતું ક્રિયા વિશેષણાત્મક પદ વિશેષ્યની પછી આવે છે.

**ઉદાહરણ**

- મારો છોકરો કમાતો થયો છે. (છોકરો - વિશેષ્ય; કમાતો - વિધેયરૂપે આવતું ક્રિયાવિશેષણ)

**ઉદાહરણ**

- ક્યારેક બોલચાલની અમુક છટામાં પણ વિશેષણ વિશેષ્યની પછી આવે છે.

**ઉદાહરણ**

**ગામ આખામાં** વાત ફેલાઈ ગઈ. (ગામ- વિશેષ્ય; આખામાં - બોલચાલની છટાનું વિશેષણ)

- એ જ રીતે વાક્યમાં એક થી વધુ વિશેષણો હોય ત્યારે પહેલાં સંખ્યાવાચક, પ્રમાણવાચક અને પછી ગુણવાચક વિશેષણ આવે છે.

**ઉદાહરણ**

બે નાનકડાં બુલબુલ પંખી આવ્યા.
(બે – સંખ્યાવાચક વિશેષણ, નાનકડાં – પ્રમાણવાચક વિશેષણ અને બુલબુલ - વિશેષ્ય)

### નિયમ - ૨

**પદક્રમમાં સામાન્ય રીતે પહેલાં કર્તા, પછી ગૌણ કર્મ, પછી મુખ્ય કર્મ, પછી ક્રિયા વિશેષણ અને ક્રિયાપદ એવો ક્રમ જોવા મળે છે.**

**ઉદાહરણ**

તે સરસ રીતે બધાને આવકારે છે.

- આ ક્રમમાં પણ પદક્રમની હેરાફેરીને અવકાશ છે. કર્તા-કર્મના ક્રમમાં અદલાબદલી પણ થઈ શકે છે.

**ઉદાહરણ**

૧. મેં તેને આ વાત કહેલી.
૨. તેને મેં આ વાત કહેલી.
૩. તેને આ વાત મેં કહેલી.
૪. આ વાત તેને મેં કહેલી.
૫. આ વાત મેં તેને કહેલી.

# 11 કૃદંત

## ▣ કૃદંત એટલે શું ?

➪ ધાતુ (એટલે કે ક્રિયાપદના મૂળરૂપ) ઉપરથી નામ (સંજ્ઞા) અને વિશેષણ બનાવવા માટે સંસ્કૃતમાં કૃદંત નામના પ્રત્યયોનો ઉપયોગ છે. ધાતુને કૃત પ્રત્યયો લાગતાં જે પદ બને છે તેને કૃદંત છે.

➪ **ક્રિયાપદ જેવુ દેખાતું પદ કે જે ક્રિયાપદ તરીકે વર્તતુ નથી અને અન્ય કોઈ પદનું વિશેષણ કે ક્રિયાવિશેષણ હોય તેને કૃદંત કહેવાય.**

➪ ચાલો હવે આપણે તેને ઉદાહરણ દ્વારા સમજીએ,

- તે જાય છે. - મેં તેને જતો જોયો.
- તેણે બારી ઉઘાડી. - મેં ઉઘાડેલી બારી બંધ કરી.

➪ અહીં 'તે જાય છે' અને 'તેણે બારી ઉઘાડી' વાક્યોમાં 'જાય છે' અને 'ઉઘાડી' એ શબ્દો ક્રિયા બતાવે છે અને વાક્યનો અર્થ પૂરો કરે છે તે ક્રિયાપદ છે. જ્યારે 'મેં તેને જતો જોયો' અને 'મેં ઉઘાડેલી બારી બંધ કરી' વાક્યોમાં 'જતો' અને 'ઉઘાડેલી' - એ શબ્દો ક્રિયા બતાવે છે પણ એનાથી વાકયનો અર્થ પૂરો થતો નથી.

➪ આ રીતે, જે શબ્દો ક્રિયા બતાવે પણ વાક્યનો અર્થ પૂરો ન કરે તેને કૃદંત કહે છે.

➪ જે પદો ક્રિયાપદની જેમ વર્તતાં હોય તેને ક્રિયાપદ સિવાયના પદ પ્રકારમાં એટલે કે નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે પણ આવી શકતાં હોય તે પદો કૃદંત કહેવાય છે.

> **મારૂ સાહેબની મોજ**
> કૃદંતનો પ્રકાર શોધતી વખતે વાકયના કાળને ધ્યાનમાં ન લેતા કૃદંતનો કાળ ધ્યાનમાં લેવો.

| | અ | બ |
|---|---|---|
| ૧. | ત્યાં અમે બોર **ખાતાં**. | **ખાતાં** ખાતાં બોલાય નહિ. |
| ૨. | આ કયું પ્રાણી **બોલ્યું** ? | **બોલ્યું** કોણ ન પાળે ? |
| ૩. | આ કબાટ કોણે **તોડયું** ? | ચોરે તાળું તોડ્યું ન **તોડયું** ને ભાગ્યો. |
| ૪. | રોજ સવારે તે શ્લોક **બોલતી**. | **બોલતી** વખતે તેણે ઊંચે જોયું. |

➪ ઉપરના ઉદાહરણોમાં 'અ' વિભાગમાં રહેલાં પદો-ખાતાં, બોલ્યું, તોડયું અને બોલતી એ ક્રિયાપદો છે. જ્યારે બ વિભાગમાં રહેલાં પદો - ખાતાં, બોલ્યું, તોડ્યું, બોલતી એ કૃદંત છે.

## ▣ કૃદંતના પ્રકારો :

➪ **કૃદંતના મુખ્ય છ પ્રકાર છે.**

**૧. વર્તમાન કૃદંત** **૨. ભૂત કૃદંત**
**૩. ભવિષ્ય કૃદંત** **૪. વિધ્યર્થ કે સામાન્ય કૃદંત**
**૫. સંબંધક ભૂત કૃદંત** **૬. હેત્વર્થ કૃદંત**

### ૧. વર્તમાન કૃદંત

➪ ધાતુને **'ત'** પ્રત્યય લગાવીને વર્તમાન કૃદંત બને છે. આ કૃદંત વિકારી કૃદંત છે.

➪ તે મુખ્યત્વે ક્રિયાની કોઈ પણ કાળની ચાલુ અવસ્થા દર્શાવે છે.

➪ આ કૃદંત ક્રિયાપદ, વિશેષણ અને ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે.

➪ પ્રત્યયો : ત, તા, તો, તી, તું, તાં

➪ જેમ કે,

૧. રમેશ મારે ત્યાં રોજ **આવતો**.
૨. હંમેશા **હસતું** મોઢું રાખજો.
૩. એ **ગાતો ગાતો** રમે છે.
૪. પેલો **ઊગતો** ચંદ્ર જુઓ.
૫. **હસતી** છોકરી સૌને વહાલી લાગે.
૬. તે **જમતા જમતા** બોલતી હતી.
૭. **રમતો** છોકરો ક્યાં ગયો?
૮. તે **ગાતી ગાતી** રડતી હતી.
૯. **રમતું** છોકરું પડી ગયું.
૧૦. **વાંચતાં** છોકરાં પાસ થઈ ગયાં.
૧૧. તે **રડતો રડતો** આવ્યો.
૧૨. સુષ્માએ **ગભરાતાં ગભરાતાં** જવાબ આપ્યો.
૧૩. ટીનાએ **ભસતો** કૂતરો જોયો.
૧૪. સીમાએ **દોડતો** હાથી જોયો.

# 12 શુદ્ધ અને અશુદ્ધ

➪ મિત્રો, તમે ઘણી વાર નોંધ્યું હશે કે જો વાક્યમાં શુદ્ધિ ના હોય તો અર્થનો અનર્થ થઈ જતો હોય છે. જો વાક્યમાં શુદ્ધિ ના હોય તો વાક્ય લખનાર તેના મનના ભાવને વાંચનાર સુધી પહોંચાડી શકશે નહિ.

➪ આ વાતને આપણે ઉદાહરણ સાથે સમજવાનો પ્રયત્ન કરીએ તો સમજાશે કે "આ તેજ તલવાર છે" વાક્યમાં "તે" અને "જ" સાથે લખ્યા છે જેનો અર્થ થાય છે કે તલવારની ધાર તેજ છે પરંતુ જો તેને અલગ અલગ લખવામાં આવે તો વાક્ય "આ તે જ તલવાર છે" બની જશે કે જેમાં લખનાર આગળ ઉપયોગ થયેલી કે જોયેલી તલવારની વાત કરે છે.

➪ આમ વાક્યના લખાણમાં શુદ્ધિ જરૂરી છે. આ પ્રકરણમાં આપણે વાક્યમાં શુદ્ધિ કેવી રીતે લાવી શકાય તેના મહત્વના મુદ્દાઓ વિશે ચર્ચા કરીશું.

## વાક્ય શુદ્ધિના નિયમો

### ▣ નિયમ - ૧

**વિભક્તિના પ્રત્યયો શબ્દની સાથે જ આવે છે. (હિંદીમાં અલગથી લખાય છે.)**

❖ ઉદાહરણ

૧. **રમેશ ને** બાળકો ખુબ ગમે છે. (અશુદ્ધ)
**રમેશને** બાળકો ખુબ ગમે છે. (શુદ્ધ)

૨. **વર્ગ માં** કેટલા વિદ્યાર્થીઓ છે. (અશુદ્ધ)
**વર્ગમાં** કેટલા વિદ્યાર્થીઓ છે. (શુદ્ધ)

૩. **કર્મચારીઓ ની** રજૂઆત સાંભળો. (અશુદ્ધ)
**કર્મચારીઓની** રજૂઆત સાંભળો. (શુદ્ધ)

### ▣ નિયમ - ૨

**વાક્યોમાં ભારદર્શક આવતો 'જ' શબ્દ અલગ લખવો.**

❖ ઉદાહરણ

૧. હું આજ વાત કહેતો હતો. (અશુદ્ધ)
હું આ જ વાત કહેતો હતો. (શુદ્ધ)

૨. આ ફોટો ત્યાંજ મૂકવાનો છે. (અશુદ્ધ)
આ ફોટો ત્યાં જ મૂકવાનો છે. (શુદ્ધ)

૩. આજ વ્યક્તિએ મને સાચું માર્ગદર્શન આપ્યું. (અશુદ્ધ)
આ જ વ્યક્તિએ મને સાચું માર્ગદર્શન આપ્યું. (શુદ્ધ)

**નોંધ :-** તેમજ અને ભાગ્યેજ માં 'જ' શબ્દની જોડે લખાય છે.

### ▣ નિયમ - ૩

**સામાસિક (સમાસથી જોડાયેલા) શબ્દો ભેગા લખવા.**

❖ ઉદાહરણ

વસ્તીવધારો - વસ્તીનો વધારો; વસ્તી વધારો - આ આજ્ઞાર્થ વાક્ય બની જશે.

માબાપ, રાધાકૃષ્ણ, લાંબુંટૂંકું, હારજીત, જીવનયાત્રા, પંચતારક, શ્વેતપત્ર, વિદેશયાત્રા, પ્રતિદિન, યુદ્ધવિરામ વગેરે.

### ▣ નિયમ - ૪

**જયારે બે કે તેથી વધુ વસ્તુઓ, પદાર્થો કે વ્યક્તિઓ અને, તથા, તેમજ જેવા સંયોજકોથી જોડાય ત્યારે ક્રિયાપદ બહુવચનમાં આવે અને ક્રિયાપદનું લિંગ તેને અનુસરશે.**

❖ ઉદાહરણ

રમેશ અને પરેશ રડવા લાગ્યો. (અશુદ્ધ)
રમેશ અને પરેશ રડવાં લાગ્યાં. (શુદ્ધ)

### ▣ નિયમ - ૫

**જેમ કે, કારણ કે, કેમ કે, જાણે કે માં 'કે' અલગ લખાય છે જ્યારે જોકે માં 'કે' સાથે લખાય.**

❖ ઉદાહરણ

૧. તે જમી ના શક્યો કારણકે તેને દાંતમાં દુખાવો હતો. (અશુદ્ધ)
તે જમી ના શક્યો કારણ કે તેને દાંતમાં દુખાવો હતો. (શુદ્ધ)

# 13 દ્વિરુક્ત અને રવાનુકારી

## દ્વિરુક્ત શબ્દ એટલે શું ?

- ‘દ્વિ’ એટલે ‘બે’ અને ‘ઉક્ત’ એટલે ‘બોલાયેલું છે તે’.
- આમ, દ્વિરુકત એટલે જે શબ્દ બે વખત બોલાય છે તે.
- દ્વિરુકત પ્રયોગોનાં બન્ને શબ્દો હંમેશા ભેગાં જ લખાય.

ઉદાહરણ : ૧. માણસો **રાતોરાત** ભાગી ગયા.

૨. જિજ્ઞેશ આખો દિવસ **વાંચવાંચ** કરે છે.

**દ્વિરુકતના પ્રકારો**

- સંપૂર્ણ દ્વિરુકત
- અમુક અંશના લોપવાળા દ્વિરુક્ત
- સંયોજકવાળા દ્વિરુકત
- સ્વર-વ્યંજન ભેદવાળા દ્વિરુક્ત
- પ્રાસતત્વવાળા દ્વિરુકત

### ૧. સંપૂર્ણ દ્વિરુકત

- આપેલ શબ્દમાં એકનુએક રૂપ બે વખત આવતું હોય જેમ કે પ્રથમ શબ્દ જ બીજો શબ્દ હોય તો તે સંપૂર્ણ દ્વિરુકત તરીકે ઓળખાય છે.

ઉદાહરણ :

૧. તે બાળક **નાનોનાનો** લાગે છે.

૨. ઘણા બાળકો **વાંચવાંચ** કરતાં હોય છે.

૩. **માણસમાણસમાં** ફરક હોય છે.

| | | | |
|---|---|---|---|
| લબલબ | થરથર | ઠેરઠેર | છબછબ |
| બણબણ | ભમભમ | ગણગણ | ખડખડ |
| માણસમાણસ | મનમાંમનમાં | ધીમેધીમે | વાહવાહ |
| રમતાંરમતાં | વારંવાર | જેમજેમ | હળવેહળવે |

### ૨. અમુક અંશના લોપવાળા દ્વિરુકત

- આપેલા શબ્દમાં કોઈ શબ્દનો લોપ થયો હોય તો તે અમુક અંશના લોપવાળા દ્વિરુકતમાં આવે છે.

ઉદાહરણ :

૧. તમારી વસ્તુઓ **ઠેકઠેકાણે** મૂકો.

૨. માતા – પિતા પોતાના બાળક માટે **કેટકેટલું** કરતાં હોય છે.

| | | |
|---|---|---|
| કેટકેટલું | પોતપોતાનું | ગણગણાટ |
| લાભાલાભ | જોતજોતામાં | ઠેકઠેકાણે |
| ભુલભુલામણી | લાગલગાટ | બોલીબોલીને |

### ૩. સંયોજકવાળા દ્વિરુકત

- ‘આ, એ, ઓ, અં’ જેવાં સંયોજક મૂકવાથી દ્વિરુકત શબ્દ બનેલા છે.

ઉદાહરણ : ૧. **ગરમાગરમ** જમવાનું તૈયાર છે. ૨. જયદીપ બહુ **હસાહસ** કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ➪ આ : | ગરમાગરમ | એકાએક | મારામારી | બૂમાબૂમ | પકડાપકડી | ધમાધમ | ઉપરાઉપરી |
| | કૂદાકૂદ | ખેંચાખેચ | ગોતાગોત | ધડાધડી | પડાપડી | ગાળાગાળી | |
| ➪ એ : | ગામેગામ | રોજેરોજ | ખરેખર | સીધેસીધું | નસેનસ | આખેઆખું | |
| | તારેતાર | પાનેપાનું | પૂરેપૂરું | સાચેસાચું | પોકેપોક | | |
| ➪ ઓ : | ભારોભાર | જનમોજનમ | છલોછલ | કટોકટી | મનોમન | કાનોકાન | |
| | અડોઅડ | અડધોઅડધ | નજરોનજર | બારોબાર | ભવોભવ | | |
| ➪ અં : | પરંપરા | વારંવાર | મારંમાર | ખુલ્લંખુલ્લા | | | |
| | બોલંબોલ | કૂદંકૂદી | લાતંલાત | ધડંધડા | | | |

# 14 વાક્યના પ્રકારો

## ▣ સાદા વાક્યો અને મિશ્ર (સંયુક્ત અને સંકુલ) વાક્યો

### (૧) સાદા વાક્યો

➪ સામાન્ય રીતે સાદું વાક્ય બે ભાગમાં વિભાજીત થયેલું હોય છે.
૧. ઉદ્દેશ્ય ખંડ અને ૨. વિધેય ખંડ

**૧. ઉદ્દેશ્ય ખંડ**

➪ વાક્યમાં જેના વિશે વાત કરાઈ હોય તેને **ઉદ્દેશ્ય ખંડ** કહે છે. (મુખ્ય વ્યક્તિ)

**૨. વિધેય ખંડ**

➪ વાક્યમાં જે વાત કરાઈ હોય કે જે કહેવાયું હોય તેને **વિધેય ખંડ** કહે છે.

**❖ ઉદાહરણ**

૧. રાહુલ મારો ભાઈ છે.
**ઉદ્દેશ્ય ખંડ** – રાહુલ **વિધેય ખંડ** - મારો ભાઈ છે.

૨. યોગ્ય સમયે લીધેલ નિર્ણય હંમેશા કામ આવે છે.
**ઉદ્દેશ્ય ખંડ** - યોગ્ય સમયે લીધેલ નિર્ણય
**વિધેય ખંડ** - હંમેશા કામ આવે છે.

૩. પાલિતાણા જૈનોનું મોટું તીર્થસ્થાન છે.
**ઉદ્દેશ્ય ખંડ** - પાલિતાણા
**વિધેય ખંડ**- જૈનોનું મોટું તીર્થસ્થાન છે.

➪ "જે વાકયમાં એક જ ક્રિયાપદ હોય અથવા જે વાક્ય એક જ ઉદ્દેશ્ય અને એક જ વિધેય ખંડનું બન્યું હોય અથવા જે વાક્યમાં એક પણ સંયોજક ન હોય અથવા બંને ખંડો સ્વતંત્ર હોય ત્યારે સાદું વાક્ય બને છે."

➪ **"સાદા વાક્યમાં કોઈ એક જ પરિસ્થિતિનું નિરુપણ થયેલું હશે."**

**❖ ઉદાહરણ**

૧. રમેશ સારો છોકરો છે.
૨. રવિ હંમેશા વહેલો આવે છે
૩. વિદ્વાનો સાથે બેસવાથી પરમજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
૪. રાહુલ ફોરેસ્ટ ઓફિસરની તાલીમ લઈ રહ્યો છે.
૫. મેઘા જલેબી બનાવે છે.
૬. ગામના પાદરે મોર ટહુકા કરે છે.
૭. મોહન ભજન ગાય છે.
૮. રમેશ વરસાદમાં પલળી રહ્યો હતો.
૯. પિતાજીને 'હાઉકાર' કહીને જ સૌ બોલાવે.
૧૦. જીવલો અવારનવાર ઘેર આવતો.
૧૧. ગરીબ લોકો શાહુકાર પાસેથી પૈસા ઉધાર લે છે.
૧૨. વસુદેવ વરસતા વરસાદમાં જમનાજીને કાંઠે આવ્યા.
૧૩. રમા કવિતા લખે છે.
૧૪. મારા મનમાં એક વિચાર છે.

**❖ GCERTના ઉદાહરણ :**

૧. અરુણિમાની કરોડરજ્જુમાં તિરાડ પડી હતી.
૨. સિંહાસન પર ઈન્દ્રરાજા બિરાજેલા.
૩. લોકોને તેનું અપંગ શરીર દેખાતું હતું.
૪. એણે બબ્બે તે કુળ ઉજાળિયાં.
૫. ભારતીય સંસ્કૃતિમાં આ જીવનપાથેય અમોલું છે.
૬. હાલો, હુંય લાપસીનું આંધણ મૂકું.
૭. રાતમાં ચારપાંચ વખત તપાસ કરવામાં આવે છે.
૮. હવે હું તમને બધું આપીશ.
૯. વીજળી ચમકે છે.
૧૦. ગોવાળ ગાય દોહે છે.
૧૧. વિદ્યાર્થી ભણે છે.

### (૨) મિશ્ર વાક્ય

➪ મિશ્ર વાક્યના બે પ્રકાર પડે છે.
(૧) સંયુક્ત વાક્ય (૨) સંકુલ વાક્ય

**અ. સંયુક્ત વાક્ય**

➪ જે વાક્ય એક કરતાં વધારે ઉદ્દેશ્ય કે એક કરતાં વધારે વિધેય ધરાવતું હોય અને સંયોજકથી જોડાયેલું હોય તેવા વાક્યને સંયુક્ત વાક્ય કહે છે.

Target with Bhavik Maru

# 15 સંધિ

## ▣ સંધિ એટલે શુ ?

➯ બે વર્ણોને જોડવાથી વર્ણમાં થતા વિકારને સંધિ કહે છે. આ સંધિને ફરી અલગ કરતા તે **વિગ્રહ** કહેવાય છે.

➯ સંસ્કૃત વ્યાકરણમાં સંધિને સંહિતા કહેવાય છે.

ઉદાહરણ : ૧. એક + એક = એકૈક

૨. ઉમા + ઈશ્વર = ઉમેશ્વર

## ▣ સંધિના ત્રણ પ્રકાર છે :

(૧) સ્વરસંધિ

(૨) વ્યંજન સંધિ

(૩) વિસર્ગ સંધિ

**સંધિના પ્રકારો**

- **સ્વર સંધિ**
- **વ્યંજન સંધિ**
- **વિસર્ગ સંધિ**

Target with

## સ્વર સંધિ

➯ સ્વર સંધિના પાંચ પ્રકાર છે :

(૧) દીર્ઘ સંધિ (૨) ગુણ સંધિ (૩) વૃદ્ધિ સંધિ
(૪) યણ સંધિ (૫) યયાદિ સંધિ

### (૧) દીર્ઘ સંધિ

➯ અહીં બે સજાતીય સ્વરો જોડાતાં એક દીર્ઘ સ્વર થાય છે.

**નિયમ (૧)** : અ/આ + અ/આ = 'આ' થાય છે.

શોક + આતુર = શોકાતુર

વિદ્યા + આલય = વિદ્યાલય

તથા + આગત = તથાગત

સત્ય + આગ્રહ = સત્યાગ્રહ

દિવ્ય + આત્મા = દિવ્યાત્મા

ઋણ + અનુબંધ = ઋણાનુબંધ

શાસન + અધિકારી = શાસનાધિકારી

રૂદ્ર + અક્ષ = રૂદ્રાક્ષ

બ્રહ્મ + અસ્ત્ર = બ્રહ્માસ્ત્ર

એક + અક્ષરી = એકાક્ષરી

વિવેક + આનંદ = વિવેકાનંદ

સહજ + આનંદ = સહજાનંદ

આત્મા + અર્પણ = આત્માઅર્પણ

સદા + આનંદ = સદાનંદ

ચિંતા + આતુર = ચિંતાતુર

**નિયમ (૨)** : ઇ/ઈ + ઇ/ઈ = 'ઈ' (દીર્ઘ) થાય છે.

ગિરિ + ઈન્દ્ર = ગિરીન્દ્ર

પરિ + ઈક્ષા = પરીક્ષા

નીતિ + ઈશ = નીતીશ

રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર

અતિ + ઈત = અતીત

કવિ + ઈશ્વર = કવીશ્વર

યોગી + ઈન્દ્ર = યોગીન્દ્ર

નારી + ઈશ્વર = નારીશ્વર

હરિ + ઈશ = હરીશ

અધિ + ઈક્ષક = અધીક્ષક

દેવી + ઈચ્છા = દેવીઈચ્છા

જ્યોતિ + ઈન્દ્ર = જ્યોતીન્દ્ર

હરિ + ઈન્દ્ર = હરીન્દ્ર

# 16 વિરામચિહ્નો

## ▣ વિરામચિહ્ન એટલે શું ?

➪ વિરામ એટલે અટકવું અને ચિહ્ન એટલે નિશાની કે સંકેત.

➪ "વાકયમાં આરોહ-અવરોહ લાવવા, અર્થની સ્પષ્ટતા લાવવા કે અટકવા માટે વપરાતા સંકેતો એટલે **વિરામચિહ્ન**"

➪ ઘણી વખત યોગ્ય જગ્યાએ વિરામચિહ્ન નહીં મૂકવાથી વાક્યનો અર્થ સંપૂર્ણ બદલાય જાય છે.

## ▣ વિરામચિહ્નનું કાર્ય :

➪ આ વિરામચિહ્નોનાં મુખ્ય ચાર કાર્ય છે.

**(૧) સમાપન :**

➪ વાક્યાંતે આવતાં - આરોહ કે અવરોહ સૂચવતાં વિરામચિહ્નોનું કાર્ય 'સમાપન' દર્શાવવાનું છે. પૂર્ણવિરામ (.), પ્રશ્નાર્થચિહ્ન (?), ઉદ્‌ગારચિહ્ન (!) આદિ સમાપન દર્શાવે છે.

**(૨) ઉદ્‌ઘાટન :**

➪ પ્રથમ વાકયાંશમાં જે વિગતો હોય તેનું વધુ વિવરણ, સ્પષ્ટતા કે પ્રકાર આદિ બાબતોનો બીજા વાકયાંશમાં નિર્દેશ થયો છે તે સૂચવવા માટે ગુરુવિરામ (:), ગુરુરેખા (-) આદિ વિરામચિહ્ન પ્રયોજાય છે.

**(૩) વિભાજન :**

➪ અર્થગ્રહણની સરળતા માટે શબ્દો, પદો, વાક્યાંશોનું વિભાજન કરવા માટે અલ્પવિરામ (,), અર્ધવિરામ (;), ગુરુરેખા (), વિગ્રહરેખા (-) આદિ વિરામચિહ્નો પ્રયોજાય છે.

**(૪) સીમાંકન :**

➪ જે શબ્દ, પદ, પદસમૂહ, વાક્યાંશ કે ગૌણવાક્યને વિશેષ રીતે દર્શાવવાં હોય તેમને જોડમાં પ્રયોજાયેલાં વિરામચિહ્નોની વચ્ચે મૂકવામાં આવે છે. વિશેષ બાબતોના આરંભ-અંતની સીમા દર્શાવતાં હોવાથી આ વિરામચિહ્નો હંમેશાં જોડમાં વપરાય અવતરણ ચિહ્ન - એકવડા (' '), બેવડા (" ")

➪ **ગુજરાતી ભાષાના માન્ય વિરામચિહ્નો નીચે મુજબ છે.**

### ૧. પૂર્ણવિરામ ( . )

➪ વાક્યમાં કથન કે વિચાર પૂર્ણ થાય ત્યારે પૂર્ણવિરામ મુકાય છે.

**ઉદા.** ૧. પ્રેમાનંદને આખ્યાન શિરોમણી તરીકે ઓળખવામાં આવે છે.

૨. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે.

૩. ભાવિકસર ઈતિહાસ ભણાવે છે.

૪. આજે સ્વાતંત્ર દિનનો રાષ્ટ્રીય તહેવાર છે.

૫. પાપનો ઘડો ફૂટયા વિના રહેતો નથી.

➪ વ્યક્તિ, સંસ્થા, પદવી, ઈલકાબ કે સમય વગેરેનું સંક્ષિપ્ત રૂપ મૂકતી વખતે પૂર્ણવિરામ મુકાય છે.

**ઉદા.** ચિ. (ચિરંજીવી), પૂ. (પૂજય), મે. (મહેરબાન), લિ. (લિખિતંગ), અ.સૌ. (અખંડ સૌભાગ્યવતી), મો.ક.ગાંધી (મોહનદાસ કરમચંદ ગાંધી)

➪ કોઈ પણ શીર્ષક, શબ્દ કે વાક્યની શરૂઆતમાં ક્રમસૂચક અક્ષરો કે કક્કાવારી અક્ષરો કૌંસ વગર આવે ત્યારે પૂર્ણવિરામ મુકાય છે.

**ઉદા.** ૧. નદી ૨. પર્વત ૩. ધરતી ૪. ગુજરાતી

ક. ન્યાયાલય ખ. ઉદ્યોગભવન

**નોંધ :** પુસ્તક, પ્રકરણ કે લખાણમાં અંદર આવતા શીર્ષક પછી પૂર્ણવિરામ મૂકવું નહીં.

➪ કહેવાતોના અંતે પૂર્ણવિરામ મુકાય છે.

**ઉદા.** ૧. એક નર હજાર હુન્નર.

૨. ધીરજનાં ફળ મીઠાં.

૩. પાપડી ભેગી ઈયળ બફાય.

૪. લોભે લક્ષણ જાય.

૫. ઉતાવળે આંબા ન પાકે.

### ૨. અલ્પવિરામ (,)

➪ વાકયમાં જયાં અલ્પ(થોડું) અટકવાનું જરૂરી હોય ત્યાં અલ્પવિરામ મુકાય છે.

➪ વાકયમાં નામ, વિશેષણ કે ક્રિયાપદ એકસાથે આવે ત્યારે અલ્પવિરામ મુકાય છે.

**ઉદા.** નર્મદા, તાપી, મહી અને ભાદર ગુજરાતની મુખ્ય નદીઓ છે.

Target with Bhavik Maru

# 17 છંદ

## ▣ છંદ એટલે શું ?

➩ જેમ અલંકાર સાહિત્યના ભાવને સુંદર બનાવે છે, જેમ સમાસ વાકયને ટૂંકાવે છે. તેવી જ રીતે છંદ સાહિત્ય એટલે કે કાવ્યને એક રાગ આપે છે. આમ દરેક ગીતાને એકસરખો લય આપવાનું કામ છંદ કરે છે.

➩ આ ગાવાનું તત્વ કે લય પૂરવા માટે કવિતાની દરેક લીટીમાં અક્ષરો અમુક યોજના પ્રમાણે કે ચોકકસ સંખ્યામાં ગોઠવવામાં આવે છે. અક્ષરોની આ પ્રકારની ગોઠવણીને છંદ કહે છે.

➩ કાવ્યમાં મધુરતા લાવવા માટે કાવ્યની દરેક પંક્તિમાં અક્ષરોના માપ અને ગોઠવણીના ચોક્કસ નિયમ અનુસાર થયેલી મેળવાળી શબ્દ રચનાને છંદ કહે છે.

➩ અમુક વર્ણ એકમોની નિયત કાલાન્તરવાળી ગોઠવણીથી થયેલું માપ તે છંદ.

➩ ગુજરાતી છંદો સંસ્કૃત છંદ પરથી આવેલા છે. અંગ્રેજીમાં છંદને 'Meter' મીટર કહે છે.

➩ છંદના મુખ્યત્વે ત્રણ વિભાગ પડે છે.

(૧) વૃત્ત - અક્ષરમેળ છંદ (૨) જાતિ - માત્રામેળ છંદ (૩) ગેય/લય મેળ છંદ

➩ અક્ષરમેળ છંદના પણ બે વિભાગ છે.

(૧) સંખ્યામેળ (જેનું કોઈ બંધારણ હોતું નથી ફક્ત સંખ્યા જ ગણવાની હોય છે.) (૨) રૂપમેળ (તેનું બંધારણ હોય છે.)

## ▣ છંદના અમુક શબ્દોનો ખ્યાલ

૧. **ગણ :** પંકિતમાં ત્રણ અક્ષરોના સમૂહને 'ગણ' કે 'ત્રિક' કહેવામાં આવે છે.

ગણની કુલ સંખ્યા આઠ છે. (ય, મા, તા, રા, જ, ભા, ન, સ)

૨. **ચરણ :** છંદના પુરેપુરા માપવાળી એક લિટીને ચરણ કહે છે. છંદના બે - ચાર કે કોઈવાર વધારે ભાગ પડે તેને ચરણ કે પદ કહે છે. જેનો અર્થ ચોથો ભાગ એવું થાય છે.

૩. **યતિ** - પંક્તિ ગાતી વખતે જયાં થોડા સમયનો વિરામ આવે તેને યતિ કહેવાય.

૪. **યતિભંગ** - પંકિતમાં ગાતી વખતે શબ્દો પૂરો થાય તે પહેલાં જ રોકવાનું થાય તો તેને 'યતિભંગ' કહે છે.

**સમજણ :** 'અસત્યો માંહેથી/ પ્રભુ પરમ સ/ત્યે તુ લઈ જા' (શિખરિણી છંદમાં છઠ્ઠા અને બારમાં અક્ષરે યતિ હોય છે.)

➩ ઉપરના વાક્યમાં છઠ્ઠા અક્ષરે <u>અસત્યોમાંહેથી</u> આગળ રૂકવું પડે છે તથા અહીં <u>માંહેથી</u> શબ્દ પૂરો થાય છે જેથી તેને યતિ કહે છે.

જયારે આ જ પંક્તિમાં બારમાં અક્ષરે <u>પ્રભુ પરમ સત્યે</u> માં 'સ' અને 'ત્યે' વચ્ચે અધૂરા શબ્દે યતિ લેવી પડે છે, જેને યતિ ભંગ કહેવાય છે.

૫. **તાલ** - માત્રામેળ છંદમાં જયાં ભાર મુકવામાં આવે તેને એટલે કે માત્રામેળમાં યતિને 'તાલ' કહેવામાં આવે છે.

૬. **કવિ છૂટ** - ઘણી વખત છંદનું બંધારણ જાળવવા કે કોઈવાર રાગ જાળવવા કવિએ લીધેલી શબ્દોની છૂટછાટને કવિછૂટ કહે છે.

૭. **શ્લોક** - ચાર ચરણ ભેગા થાય ત્યારે એક શ્લોક કે કાવ્યની એક કડી બને છે. જો શ્લોક અધૂરો એટલે કે બે ચરણોનો હોય તો શ્લોક ભંગ થયો કહેવાય.

➩ ઉદ્યમેન હિ સિધ્યંતિ (ચરણ ૧) કાર્યાણિ ન મનોરથૈઃ (ચરણ ૨) ન હિ સુપ્તસ્ય સિંહસ્ય (ચરણ ૩) પ્રવિશંતિ મુખે મૃગાઃ (ચરણ ૪)

# 18 સમાસ

## ▣ સમાસ એટલે શું ?

➪ **સમાસ = સમ + આસ (એટલે કે સાથે બેસવું)**

➪ ''સમાસ નો અર્થ સાથે બેસવું એવો થાય છે અથવા જોડાવું (સમ એટલે સાથે અને આસ એટલે બેસવું).''

➪ આનો અર્થ એ થયો કે સમાસમાં ફરજીયાત બે શબ્દોનું જોડાણ હશે.

**દા.ત.**

૧. **સીતારામ - સીતા** અને **રામ** બે શબ્દો ભેગા થઈ 'સીતારામ' નામનો સમાસ બનાવે છે.

૨. **અંજળ - અન્ન** અને જળ બે શબ્દો ભેગા થઈ 'અંજળ' નામનો સમાસ બનાવે છે.

## ▣ સમાસના અમુક શબ્દોનો ખ્યાલ

➪ **પૂર્વપદ :-** સમાસમાં આગળ રહેલા પદને પૂર્વપદ કહે છે. (ઉપરના ઉદાહરણમાં 'સીતા' તથા 'અન્ન' પૂર્વપદ છે.)

➪ **ઉત્તર પદ :-** સમાસમાં પાછળ રહેલા પદને ઉત્તરપદ કહે છે. (ઉપરના ઉદાહરણમાં 'રામ' તથા 'જળ' ઉત્તરપદ છે.)

➪ **મધ્યમ પદ :-** અમુક સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે મધ્યમ પદ સમાસમાં છૂપાયેલું જોવા મળે છે.

## ▣ સમાસના લક્ષણો

➪ સમાસમાં લખાણને ટૂંકાવવામાં આવે છે. જેમ કે

**ઘોડા વડે ચાલતી ગાડી – ઘોડાગાડી**

➪ સમાસને ઓળખવા માટે હમેશાં રોજીંદા જીવનમાં આપણે તે શબ્દને કયા અર્થમાં ઉપયોગમાં લઈએ છીએ તેનો અર્થ કાઢતાં સાચો વિગ્રહ મળે છે અને સમાસનો સાચો પ્રકાર મળે છે.

➪ બે કે તેથી વધુ પદો ભેગા થઈ એક સમાસ બનાવે છે. આ સમાસમાં રહેલાં પદોને ફરીવાર અલગ કરવા એટલે સમાસનો વિગ્રહ કરવો.

➪ દા.ત.

સીતા અને રામ ➪ સીતારામ ➪ સીતા અને રામ

(વિગ્રહ) ➪ (સમાસ) ➪ (વિગ્રહ)

➪ **સમાસના મુખ્ય પ્રકાર**

૧. **સર્વપદપ્રધાન સમાસ :** જે સમાસમાં તમામ પદો સમાન મોભાના હોય અને દરેક પદ વાક્યમાંના ક્રિયાપદ સાથે સંબંધ ધરાવી શકતું હોય એવા સમાસને 'સર્વપદપ્રધાન' સમાસ કહે છે.

દાદા દાદી આવ્યા તો દાદાપણ આવ્યાં અને દાદી પણ

➪ **ઉ.દા.** રાધાકૃષ્ણ, દાદા-દાદી, હવાપાણી, કઢીભાત વગેરે

➪ સર્વપદપ્રધાનમાં દ્વન્દ્વ સમાસનો સમાવેશ થાય છે.

૨. **એકપદ પ્રધાન સમાસ :** જે સમાસનાં બંને પદમાંથી કોઈ એક જ પદ વાક્યમાંના ક્રિયાપદ સાથે જોડાઈ શકતુ હોય કે માત્ર એક જ પદ પ્રધાન કે મુખ્ય હોય તેવા સમાસને એકપદપ્રધાન સમાસ કહેવાય છે. મહારાજા આવ્યા તો મહાન નહિ પરંતુ ખાલી રાજા જ આવ્યા. **ઉ.દા.** યજ્ઞકુંડ, પાણીપોચું, મહાયાત્રા, પંચપાત્ર, સિંહાસન વગેરે.

➪ એકપદપ્રધાનમાં તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, મધ્યમપદલોપીનો સમાવેશ થાય છે.

૩. **અન્યપદપ્રધાન સમાસ :** જે સમાસમાં બંને પદો ગૌણ હોય અને કોઈ બહારના કે અન્યપદની પ્રધાનતા હોય અર્થાત સામાસિક પદ અન્ય પદની વિશેષતા બતાવતું હોય ત્યારે જે સમાસ બને તેને 'અન્યપદપ્રધાન' સમાસ કહેવાય છે. જેમ કે, 'ગજાનન' શબ્દમાં 'ગજ-હાથી' કે 'આનન-મુખ'ની વાત નથી પરંતુ અન્ય એવા 'ગણેશજી'ની વાત છે.

➪ **ઉ.દા.** ગોપાળ, મનોહર, દશાનન, દામોદર વગેરે

➪ અન્યપદપ્રધાનમાં બહુવ્રીહિ, ઉપપદ અને અવ્યયીભાવ સમાસનો સમાવેશ થાય છે.

Target with Bhavik Maru

# 19 અલંકાર

## અલંકાર એટલે શું ?

➪ અલંકાર સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ **આભૂષણ** થાય છે.

**અલમ્ + કાર = પર્યાપ્ત + કરનાર** (★ **અલંકાર શબ્દ એ ઉપપદ સમાસ છે.**)

➪ જેમ સ્ત્રીની સુંદરતા આભૂષણથી વધી જાય છે તેમ જ કોઈ સાહિત્યની સુંદરતા વધારવા અને પોતાના મનોભાવોને અસરકારક રીતે રજૂ કરવા કવિ સાહિત્યમાં અલંકારનો ઉપયોગ કરે છે.

➪ જેમ કે, એક પુરૂષ એક સ્ત્રીની આંખોના વખાણ કરે તો બે રીતે થાય.

(૧) તારી આંખો ખૂબ સૂંદર છે. (૨) તલવારથી તેજ તારી આખડીની ધાર છે.

➪ હવે, તમે જ કહો ક્યું વાક્ય વધુ અસરકારક છે ? પહેલા વાક્યમાં અલંકારનો ઉપયોગ થયો નથી અને બીજા વાક્યમાં કવિએ અલંકારનો ઉપયોગ કર્યો છે. આથી જ તમને બીજું વાક્ય ગમ્યું.

Target with Maru

## અલંકારના પ્રકાર

### શબ્દાલંકાર

(૧) વર્ણાનુપ્રાસ અલંકાર
(૨) શબ્દાનુપ્રાસ (યમક) અલંકાર
(૩) આંતરપ્રાસ (પ્રાંસસાંકળી) અલંકાર
(૪) અંત્યાનુપ્રાસ (પ્રાસાનુપ્રાસ) અલંકાર


અલંકાર વિનાની સ્ત્રી


અલંકાર વાળી સ્ત્રી

### અર્થાલંકાર

(૧) ઉપમા
(૨) માલોપમા
(૩) વ્યતિરેક
(૪) રૂપક
(૫) માલારૂપક
(૬) ઉત્પ્રેક્ષા
(૭) વ્યાજસ્તુતિ
(૮) અપહ્નુતિ
(૯) અતિશયોક્તિ
(૧૦) અનન્વય
(૧૧) સજીવારોપણ
(૧૨) શ્લેષ
(૧૩) અન્યોક્તિ
(૧૪) વિનોક્તિ
(૧૫) ભ્રાંતિમાન
(૧૬) સસંદેહ
(૧૭) વિરોધાભાસ
(૧૮) દૃષ્ટાંત
(૧૯) અર્થાન્તરન્યાસ
(૨૦) સ્વભાવોક્તિ

# 20 સમાનાર્થી શબ્દો

- પંખો – વીંજણો, વ્યંજન, વેજન
- શબ – લાશ, મડદું, મૃતદેહ, મરત, મરતક, મૃતક
- રોગ – બીમારી, વ્યાધિ, અજાર, આમય, મરજ, રુજ, રુજા, કિલ્મિષ
- સર્વનાશ – પ્રલય, પ્રધ્વંસ, વિનિપાત, વિલય, વિનાશ, પ્રણાશ
- અક્ષ – રમવાનો પાસો, માળાનો મણકો, (ચક્ર કે પૃથ્વીની) ધરી, આંખ, ધ્રાણેન્દ્રિય, વિષુવવૃત્તથી ઉત્તર દક્ષિણ કોઈ પણ ગોલીય અંતર
- ઉજાણી – મિજબાની, જિયાફત, મેળાવડો, ઉજવણી, મિજલસ
- અક્ષર – અવિનાશી, વર્ણ (ભાષા), હરફ કે બોલ, દસ્તક, વિધિના લેખ, બ્રહ્મ
- મરહૂમ – સ્વર્ગસ્થ, મૃત, દિવંગત, સદ્‌ગત
- નજર – ઈક્ષા, દૃષ્ટિ, વિલોકન, ઈક્ષણ, સરત
- ખુશામત – ભાટાઈ, ચાંપલુસી, પળશી, ભાટવેડા
- દિવસ – દહાડો, દી, દિન, અહન, વાસર
- રાત – રાત્રિ, રજની, નિશા, યામિની, શર્વરી, વિભાવરી, નિશીથ, ક્ષપા
- ગુજરાન – નિર્વાહ, નિભાવ, ગુજારો, ભરણપોષણ, દેહયાત્રા, રોજી
- વિચાર – ખ્યાલ, ધારણા, કલ્પના, મનસૂબો, મંતવ્ય, સંકલ્પન
- કેદખાનું – જેલ, કારાવાસ, કારાગૃહ, કારાગાર, બંદીઘર, બંદીખાનું, જિંદાન
- અજ – રામના દાદા, બ્રહ્મા, કામદેવ, ચંદ્ર, ઈશ્વર, બકરો, અનાદિ, નહિ જન્મેલું
- સ્મશાન – મસાણ, અંતિમધામ, સ્મશાનભૂમિ, બાંધલું
- કબર – મજાર, દરગાહ, ઘોર, તુરબત
- કબ્રસ્તાન – મજારવાડો, મકબરો, રોજો
- દવાખાનું – હોસ્પિટલ, ચિકિત્સાલય, રુગ્ણાલય, ઈસ્પિતાલ, શફાખાનું, હકીમખાનું
- ફોરમ – સુગંધ, સૌરભ, સુવાસ, પરિમલ, મહેક, ખુશબુ
- અભણ – નિરક્ષર, અંગૂઠાછાપ, અશિક્ષિત, અનક્ષર, વિદ્યાવિહીન
- ખાનદાન – આબરૂદાર, કુલીન, કુળવાન, પ્રતિષ્ઠિત, ઈજ્જતદાર
- ધ્યેય – હેતુ, ઉદ્દેશ્ય, લક્ષ્ય, પ્રયોજન, ઈરાદો, આશય, મતલબ, તાત્પર્ય
- કંપ – ધ્રુજારી, દોલન, કંપન, ઉત્કંપ, કંપ, કંપારી, થથરાટ, કમકમી, નિસ્પંદ
- નકલ – અનુકરણ, અનુકૃતિ, અનુચરિત, પ્રતિકૃતિ, પ્રત
- પ્રયત્ન – કોશિશ, પ્રયાસ, યત્ન, આવાસ, ઉપાડો, પેરવી, આંકોશિયાં
- વિનંતી – પ્રાર્થના, વિનવણી, અભ્યર્થના, અનુનય, આજીજી, અરજ, કાકલૂદી
- પરીક્ષા – કસોટી, ઈમ્તિહાન, પરખ, પારખું, અજમાયશ, પરીક્ષણ, પારખ
- ઈશારો – ઈશારત, સંકેત, અણસાર, સૂચન, સાન, આંખમચકારો
- ઠઠારો – ભપકો, ડોળડમાક, દબદબો, ઠાઠમાઠ, દહમમાટ, દમામ, રોબ, ઠાઠ
- પથ્થર – પાણો, શિલા, પહાણ, પરારુક, ઉપલ, પાષાણ, અશ્મ, અશ્મર, અશ્મા, ચટ્ટાન
- કાયદો – કાનૂન, ધારો, રકાન, અધિનિયમ, આઈન
- સ્વચ્છ – વિમળ, વિમલ, નિર્મળ, વિશદ, સાફ, વિશુદ્ધ, ચોખ્ખું
- યોગ્ય – વાજબી, ઉચિત, યથાર્થ, ઘટતું, સમુચિત, સમીચીન, સમ્યક
- સભા – પરિષદ, અધિવેશન, સંમેલન, સમારંભ, અંજુમન, જમાત
- આદત – વ્યસન, ટેવ, લત, બંધાણ, અણછ, લઢણ, ચસકો

# 21 વિરુદ્ધાર્થી શબ્દો

➪ પૂર્વ × પશ્ચિમ
➪ અહંકારી × નિરહંકારી
➪ સંભવ × અસંભવ
➪ વાચાળ × મૂંગું
➪ અપરાધ × નિરપરાધ
➪ અદ્વૈત × દ્વૈત
➪ અખંડ × ખંડિત
➪ ટટ્ટાર × ઝૂકેલું
➪ અતડું × મિલનસાર
➪ અગમબુદ્ધિ × પશ્ચિમબુદ્ધિ
➪ અતિવૃષ્ટિ × અનાવૃષ્ટિ
➪ અદ્યતન × પુરાતન
➪ અધમ × ઉત્તમ
➪ કબૂલાત × ઈનકાર
➪ નીરસ × રસિક
➪ ટોચ × તળેટી
➪ ગૌણ × પ્રધાન
➪ શૂરવીરતા × કાયરતા
➪ કલ્પના × અકલ્પના
➪ વ્યસન × નિર્વ્યસન
➪ સજ્જન × દુર્જન
➪ તૃપ્ત × અતૃપ્ત
➪ સ્વર્ગ × નરક
➪ અનધિકૃત × અધિકૃત
➪ અથ × ઈતિ
➪ અર્વાચીન × પ્રાચીન
➪ અપરાધી × નિરપરાધી
➪ અલ્પોક્તિ × અત્યુક્તિ
➪ અંધકાર × પ્રકાશ

➪ અજવાળું × અંધારું
➪ બાંધવું × છોડવું
➪ મૂળ × મુખ
➪ હસતું × આક્રંદી
➪ કુમળું × કઠોર
➪ નિયત × અનિયત
➪ મ્લાન × પ્રફુલ્લ
➪ સાવધ × ગાફેલ
➪ ક્ષણિક × શાશ્વત
➪ જ્યેષ્ઠ × કનિષ્ઠ
➪ સાદું × મિશ્ર
➪ સ્થૂળ × સૂક્ષ્મ
➪ તિરસ્કાર × આદર
➪ ઉન્નતિ × અવનતિ
➪ દેવાદાર × લેણદાર
➪ નમ્ર × ઉદ્ધત
➪ લઘુતા × ગુરુતા
➪ જોબન × ઘડપણ
➪ સદાચરણ × દુરાચરણ
➪ નિરાકાર × સાકાર
➪ કુકર્મ × સત્કર્મ
➪ ઉદાર × લોભી / કંજૂસ
➪ દેવ × દાનવ
➪ નીડર × કાયર
➪ પૂર્ણ × અપૂર્ણ
➪ સ્વચ્છ × અસ્વચ્છ
➪ બુરાઈ × ભલાઈ
➪ હાજર × ગેરહાજર
➪ સંતુષ્ટ × અસંતુષ્ટ

Target with Bhavik Maru

# 22 રૂઢિપ્રયોગો

❖ કોઈ પણ વાત રજૂ કરનારનો આશય વાતને અસરકારક અને ચોટદાર બનાવવાનો હોય છે. એમ કરવા માટે તે બળકટ શબ્દોનો ઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે.

❖ ભાષામાં વપરાયેલ આવા શબ્દો પછીથી કાયમી, સહુના વપરાશમાં આવી જાય છે. તે રોજબરોજના વ્યવહારમાં વપરાતા થઈ જાય છે.

❖ ક્યારેક એવું બને છે કે આવા બે કે તેથી વધુ શબ્દો ભેગા કરીને કોઈ એક વિશેષ અર્થમાં તેને પ્રયોજે છે. આવા શબ્દો કે શબ્દસમૂહો કોશમાન્ય અર્થથી દૂર જઈને તે અમુક અર્થ દર્શાવે છે, પછીથી જનસમૂહ માટે તે ખૂબ જાણીતા થઈ પડે છે.

❖ ચલણમાં રૂઢ થયેલા આવા જાણીતા રૂઢ શબ્દસમૂહો એટલે રૂઢિપ્રયોગો.

❖ નીચે કેટલા મહત્વના રૂઢિપ્રયોગો આપેલા છે.

➪ અડધી રાતે : ખરી અગવડને સમયે
➪ અંગારો ઊઠવો : કપૂત પાકવો
➪ ઈડરિયો ગઢ જીતવો : ભારે મોટું પરાક્રમ કરવું
➪ ઉંચાળા ભરવા : ઘરવખરી લઈ ચાલી નીકળવું
➪ ઘાસ કાપવું : નકામી મહેનત કરવી
➪ ચાલતી ગાડીએ ચડી બેસવું : બહુમતીમાં જોડાઈ જવું
➪ ઘીના ઠામમાં ઘી પડવું : ઉચિત કે સારાં વાનાં થવાં
➪ નાકે દમ આવી જવો : ખૂબ હેરાન પરેશાન થઈ જવું
➪ પગ ધોઈને પીવા : ઘણો ઉપકાર સ્વીકારવો
➪ ગરજ સારવી : જરૂરિયાત પૂરી થવી
➪ ખાસડાં ખાવાં : અપમાન સહન કરવું
➪ કૂવામાંનું દેડકું : સંકુચિત મનોવૃત્તિવાળું
➪ કડવો ઘૂંટડો ગળી જવો : અપમાન સહન કરી લેવું
➪ કાળી ટીલી લાગવી : અપજશ કે કલંક લાગવું
➪ કીડી પર કટક : નાના અને સામાન્ય કામ માટે મોટો પ્રયાસ
➪ સાત ગળણે ગાળવું : સારી પેઠે બધી બાજુએથી જોવું
➪ ભૂત ભરાવવું : ધૂન લાગવી/ધૂન વળગવી
➪ આંખનું ઊંડાણ માપવું : તાકાત વિશે ખ્યાલ બાંધવો
➪ કક્કો ખરો કરવો : પોતાની વાત પ્રત્યે અડગ રહેવું
➪ કોઠે પડવું : માફક આવવું, અનુકૂળ આવવું
➪ અક્કલ મારી જવી : મુર્ખામી દેખાવી
➪ આકાશ તૂટી પડવું : અણધારી મુશ્કેલી આવવી

Target with Bhavik Maru

# 23 કહેવતો

| | | |
|---|---|---|
| ➪ અકકર્મીનો પડિયો કાણો | – | કમનસીબને દુ:ખને દુ:ખ જ હોય. |
| ➪ દુકાળમાં અધિક માસ | – | મુશ્કેલીમાં ઉમેરો થવો. |
| ➪ ખુદાની લાકડી ખખડે નહિ | – | ઈશ્વરનો કોપ ઊતરે ત્યારે જ ખબર પડે. |
| ➪ મુખમાં રામ અને બગલમાં છૂરી | – | દેખાવે સારો પણ દિલમાં કપટી. |
| ➪ અધૂરો ઘડો છલકાય | – | અલ્પજ્ઞાની જ વિદ્વત્તાનો ડોળ કરે. |
| ➪ જે ગામમાં જવું નહિ તેની શી વાત ? | – | જે કામ ન કરવું તેની શી કથા ? |
| ➪ દુ:ખનું ઓસડ દહાડા | – | શોક દૂર કરનારનો ઉત્તમ ઈલાજ ધીરજથી સમય પસાર કરવો તે છે, સમય વીતે તેમ દુ:ખ ઓછું થાય. |
| ➪ હાથીના દાંત ચાવવાના જુદા અને દેખાડવાના જુદા | – | કરણી અને કથનીમાં ભેદ હોવો. |
| ➪ ચોર કોટવાળને દંડે | – | શેઠ માણસ ન્યાયની વાત કરે. |
| ➪ ભેંસ આગળ ભાગવત | – | અણસમજુને ઉપદેશ આપવો નકામો છે. |
| ➪ સૂકા ભેગું લીલું બળે | – | હલકા માણસોના સંગથી સારા માણસો પણ આપત્તિનો ભોગ બને. |
| ➪ પંચ બોલે તે પરમેશ્વર | – | કોઈ પણ સંજોગોમાં પંચના નિર્ણયને જ અંતિમ મનાય છે. |
| ➪ પ્રભુ પાધરા તો વેરી આંધળા | – | રામ રાખે તેને કોણ ચાખે. |
| ➪ નામ મોટાં ને દર્શન ખોટાં | – | મોટા એટલા ખોટા, મૂછે ચોપડવા તેલ નહિ ને ડેલીએ દીવા કરો. |
| ➪ પોથીમાંના રીંગણાં | – | મિથ્યા ઉપદેશ આપવો. |
| ➪ સુથારનું મન બાવળિયે | – | સ્વાર્થમાં નજર હોવી. |
| ➪ સંપ ત્યાં જંપ | – | સંપથી શાંતિને સુખ મળે છે. |
| ➪ એક પંથ દો કાજ | – | એક કામ કરતાં બે બાજુનો લાભ થવો. |
| ➪ નેવાનાં પાણી મોભે ન ચઢે | – | અશક્ય કામ સિદ્ધ ન થઈ શકે. |
| ➪ એક ચિનગારી વન બાળે | – | એક નજીવી બાબત સર્વનાશ નોંતરે. |
| ➪ એક નર હજાર હુન્નર | – | માણસ છે તો હજાર કામ મળી રહેશે. |
| ➪ બહુચરાજીને કુકડો પેટમાં બોલે | – | પાપ પ્રગટ થયા વિના ન રહે. |
| ➪ ધીરજનાં ફળ મીઠાં | – | ઉતાવળે આંબા ન પાકે. |
| ➪ મફત કા ચંદન ઘસ બે લાલજી | – | મફતમાં મરી કોને તીખાં લાગે |
| ➪ જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ | – | અન્ન તેવો ઓડકાર. |
| ➪ ખારા જળનું માછલું મીઠા જળમાં મરે | – | છાણનો કીડો ઘી માં મરે. |
| ➪ આંગળા ચાટ્યે પેટ ન ભરાય | – | ખોટી કરકસરનો કોઈ અર્થ નહીં. |
| ➪ ક્યાં રાજા ભોજ ને ક્યાં ગંગુ તૈલી ? | – | અસમાન વચ્ચે સરખામણી ન થાય. |

# 24 શબ્દસમૂહ

| | | |
|---|---|---|
| ➪ | જેની જ્યોત હાલકડોલક થતી હોય તેવો દીવો | – ફગફગિયો દીવો |
| ➪ | પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધેલું કપડું | – સઢ |
| ➪ | સોપારી ઘાટનું ઘૂઘરીના ઝૂમખાવાળું કાનનું ઘરેણું | – અકોટા |
| ➪ | પથ્થર વગેરેમાં કોતરીને કલાત્મક કાર્ય કરવું તે | – શિલ્પકામ |
| ➪ | મળેલી તકનો સ્વાર્થ માટે ઉપયોગ કરનાર | – તકસાધુ |
| ➪ | કોઈની સ્મૃતિમાં રચવામાં આવતું મકાન કે કોઈ સ્થાન | – સ્મારક /સ્મૃતિ સ્મારક |
| ➪ | સવારે સૂર્ય ઊગતા પહેલાં પૂર્વ આકાશમાં દેખાતા આછા રંગો | – ઉષા |
| ➪ | ચમકની છાંટવાળો આરસપહાણ | – સંગેમરમર |
| ➪ | ચાલવાની નાની કેડી | – પગદંડી |
| ➪ | વહેતા પાણીમાં થતું કુંડાળું | – વમળ |
| ➪ | સમુદ્રમાં રહેલો અગ્નિ | – વડવાનલ, વડવાગ્નિ |
| ➪ | બેહોશ કરી નાખે તેવું અસ્ત્ર | – મોહનાસ્ત્ર |
| ➪ | ઘોડાના દાબડાનો અવાજ | – પડઘી |
| ➪ | મૃત્યુ પછીનો લોક | – પરલોક |
| ➪ | ખૂબ સારાં પાંદડાવાળું | – સુપર્ણા |
| ➪ | કશું કામ ન કરનાર | – અકર્મી |
| ➪ | ગાડાનો રસ્તો | – ચીલો |
| ➪ | ઉગ્ર સ્વભાવની સ્ત્રી | – ચંડી |
| ➪ | ઈચ્છા કરવા યોગ્ય | – સ્પૃહણીય |
| ➪ | બે બળવાન રાજ્યો વચ્ચેનું નાનું રાજ્ય | – બફરરાજ્ય |
| ➪ | સાંજની આરતીનો સમય | – ઝાલરટાણું |
| ➪ | વાર્ષિક મરણતિથિ સંવત્સરી | – પુણ્યતિથિ |
| ➪ | મૂલ્ય આપ્યા કે સોદો કર્યા વિના જોવા કે દેખાડવા લીધેલું | – જાંગડ |
| ➪ | મોહિની લગાડવી તે | – કામણ |
| ➪ | પ્રયત્ન વગર | – અનાયાસ |
| ➪ | કમરના ઉપરના ભાગનું ચિત્ર | – અરુણચિત્ર |
| ➪ | ગાડામાં પાથરવાની મોદ | – બૂંગણ |
| ➪ | તાગી ન શકાય તેવું | – અતાગ |
| ➪ | કેળના થાંભલા | – કદલી સ્તંભ |
| ➪ | સાથે જન્મેલાં બે (બાળકો) | – જોડિયાં |
| ➪ | મજબૂત કે ટકાઉ નહીં તેવું | – તકલાદી |

Target with Bhavik Maru

# 25 તળપદા શબ્દો

| | | |
|---|---|---|
| કુટાવું | – | અથડાવું |
| હાંઉં | – | બસ |
| ઠાઠમાઠ | – | વૈભવ |
| દિવાહળી | – | દીવાસળી |
| ઓચ્છવ | – | ઉત્સવ |
| રહ રહ | – | ડૂસકે ડૂસકે |
| દોકાને | – | દુકાને |
| ઠેલવું | – | ધકેલવું |
| તોર | – | મિજાજ, અહંકાર |
| જાશ | – | જઈશ |
| પિંછોડી | – | પછેડી, ઓઢવાની ચાદર |
| માલીપા | – | અંદર |
| પરભાતીયા | – | પ્રભાતિયા |
| સૂનકાર | – | સૂમસામ |
| જરાક | – | થોડું |
| ભેખડ | – | કરાડ |
| શયતાન | – | બદમાશ |
| વજાડવું | – | વગાડવું |
| નમરતા | – | નમ્રતા |
| નચંત | – | નચિંત |
| પત | – | આબરૂ |
| કોરમું | – | દાળનો ભૂકો-ચરો |
| ઉલાળિયલ | – | આગળિયો |
| ખેલૈયો | – | ખેલાડી |
| કોરું | – | સૂકું |
| અમરત | – | અમૃત |
| ઓણ | – | આ વર્ષે |
| ઠેબે | – | ઠોકરે |
| ધેરવ | – | તૃપ્તિ |
| કીધ | – | કીધો |
| ઠોઠ | – | ઓછી અક્કલનો |
| હગા | – | સગા |
| રતન | – | રત્ન |
| પ્રથવી | – | પૃથ્વી |
| ઢ | – | ઠોઠ, ગમાર |
| અમથું | – | કારણ વિનાનું |
| ધાન | – | ધાન્ય |
| વગવસીલો | – | લાગવગ |
| પીછવું | – | ઓળખવું |
| ભાગિયો | – | ભાગીદાર |
| સંગતુ | – | સંગત |
| સડપથી | – | ઝડપથી |
| ઝણ | – | ઝીણી રજકણ |
| પલ્લો | – | પ્રલય, વિનાશ |
| દાભ | – | દર્ભ |
| દાબડી | – | ડબ્બી |
| રાખસી | – | રાસ્તો |
| જણસ | – | ઘરેણું |
| કેડે | – | પછી |
| માંજર | – | બિલાડો |
| ભૂસકા | – | કૂદકા |
| લગાર | – | થોડું |
| ક્યમ | – | કેમ |
| અમકું | – | અમને |
| ઢાંઢો | – | બળદ |
| જલમ | – | જન્મ |
| કંટરાટી | – | કોન્ટ્રાક્ટર |
| દોદળો | – | ખોખરો, નબળો |
| લાડકું | – | વ્હાલું |
| અવે | – | હવે |

Target with Bhavik Maru

# 26 અર્થભેદ અને જોડણીભેદ

## જોડણીભેદ – અર્થભેદ GCERT

નીચે આપેલા વર્ણસામ્ય ધરાવતા શબ્દોનો અર્થભેદ

| | | |
|---|---|---|
| દિન | : | દિવસ |
| દીન | : | ગરીબ |
| પુર | : | નગર |
| પૂર | : | જલસંકટ |
| પાણિ | : | હાથ |
| પાણી | : | જળ |
| અહિ | : | સાપ |
| અહીં | : | અહીંયાં, આ સ્થળે |
| ધુનિ | : | નદી |
| ધુની | : | તરંગી |
| નાસ્તો | : | હળવો ખોરાક |
| નાસતો | : | ભાગતો |
| ગુણ | : | વિશેષતા |
| ગૂણ | : | થેલો |
| ચિર | : | લાંબું |
| ચીર | : | વસ્ત્ર |
| મા | : | માતા |
| માં | : | અંદર |

### 'સ' અને 'શ'વાળા શબ્દોના અર્થભેદ

| | | |
|---|---|---|
| સર | : | સરોવર |
| શર | : | બાણ |
| સાર | : | કસ |
| શાર | : | છિદ્ર |
| સત | : | સત્ય |
| શત | : | સો |
| સૂર | : | અવાજ |
| શૂર | : | શૌર્ય |
| કેસ | : | મુકદ્દમો |
| કેશ | : | વાળ |
| પાસ | : | ઉત્તીર્ણ |
| પાશ | : | ફાંસો |

### અન્ય શબ્દો

| | | |
|---|---|---|
| અકસ્માત્ | : | એકાએક, અણધાર્યું |
| અકસ્માત | : | અણધાર્યો બનાવ |
| અફર | : | અચલ, નિશ્ચલ |
| અફળ | : | નિષ્ફળ |
| અભિનય | : | અદાકારી |
| અભિનવ | : | તદ્દન નવું |
| અસ્ત્ર | : | ફેંકવાનું હથિયાર |
| શસ્ત્ર | : | હાથથી લડવાનું હથિયાર |
| આકરું | : | કઠણ |
| આકળું | : | ઝટ ગુસ્સે થનાર |
| આર | : | કાંજી, ખેળ, આહાર |
| આળ | : | આરોપ, તહોમત |
| ઈનામ | : | બક્ષિશ |
| ઈમાન | : | પ્રામાણિકતા |
| ઉપહાર | : | ભેટ |
| ઉપાહાર | : | નાસ્તો |
| અપેક્ષા | : | ઈચ્છા, આશા |
| ઉપેક્ષા | : | તિરસ્કાર, અવગણના |
| અબજ | : | સો કરોડ દર્શાવતી સંખ્યા |
| અજબ | : | આશ્ચર્યકારક |
| અલિ | : | ભમરો |
| અલી | : | સખીને સંબોધન |
| અંશ | : | ભાગ |
| અંસ | : | ખભો |
| ઔંસ | : | વજનનું એક માપ |
| આજે | : | આજે |
| આ જ | : | આ નિપાત 'જ' |
| આરસ | : | સંગેમરમર |
| આળસ | : | સુસ્તી |
| ઉદર | : | પેટ |
| ઉંદર | : | એક પ્રાણી |
| ઊછરવું | : | મોટા થવું |

Target with Bhavik Maru

# 27 અનેકાર્થી શબ્દો

➪ અક્ષર : અવિનાશી, વર્ણ, બોલ, દસ્કત, બ્રહ્મ

➪ અટક : નડતર, અવરોધ, મુશ્કેલી, શંકા, કાચી કેદ, સંકલ્પ, પ્રતિજ્ઞા, ઠેસ, સરનેમ

➪ અનંત : અપાર, વિષ્ણુ, રુદ્ર, બ્રહ્મા, શેષનાગ, બળરામ, આકાશ, જૈનોના ચૌદમા તીર્થંકર, અનંત સંખ્યા- 'ઇન્ફિનિટી'

➪ અમલ : સત્તા, વહીવટ, હુકમ, અફીણ, કેફ કે કેફી વસ્તુ, સમયનો શુમાર

➪ અમી : અમૃત, મીઠાશ, કૃપા, થૂંક, રસકસ, પાણી

➪ અરુણ : રક્તવર્ણ, સોનેરી, સૂર્યનો સારથિ, પરોઢ

➪ અર્થ : હેતુ, સમજૂતી, ધન, ગરજ, ધર્માદિ, ચાર પુરુષાર્થોમાં બીજો

➪ અર્ક : સત્ત્વ, સૂર્ય, કિરણ, આકડો, ઉત્તરા ફાલ્ગુની

➪ આસામી : માણસ, દેણદાર, પૈસાદાર, પ્રતિષ્ઠિત, ઘરાક, અસીલ

➪ આંક : સંખ્યા, ભાવ, નિશાની, અડસટ્ટો, સીમા, ધરી, ઘડિયા

➪ આંકડો : સંખ્યા, લેણદેણનો હિસાબ, કાગળ, બિલ, છેડેથી વાળેલો સળિયો, ગલ, ડંખ, મૂછનો આંકડો પાડેલો વાળ

➪ આંટી : ગડ, ગૂંચ, ફાળકા ઉપરથી ઉતારેલી સૂતરની ગડી, કીનો, ફાંસો, પ્રપંચ, કોયડો, શાખ, આબરૂ

➪ ઉત્તર : જવાબ, વધારે, બાકીનું, પાછલું ડાબું, બચાવનું કથન, વચન, ઉત્તર દિશા

➪ ઉપાધિ : પીડા, આપદા, જંજાળ, ચિંતા, પંચાત, સંજ્ઞા, ખિતાબ કે પદવી, અટક, ઉપનામ

➪ કક્ષા : ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ, સ્થિતિ, શ્રેણી, કેડ, પડખું, કાછડી, ઓરડી, અંતઃપુર

➪ કડી : આંકડી (હૂક), ગોળ વાળેલો તાર કે સળિયો, કાનનું એક ઘરેણું, બેડી, કવિતાનું પદ, હાર, બારણાની સાંકળ

➪ કર : હાથ, વેરો, મહેસૂલ, લાગો, કિરણ, સૂંઢ

➪ કાટ : ઈમારતી લાકડું, સામો દાવ અથવા પ્રતિકાર, નડતર, પહોંચેલ માણસ, ચીકણો, ધૂર્ત, ધાતુનો વિકાર

➪ કાંટો : શૂળ, તેના જેવા આકારની કોઈ વસ્તુ, તોલ કરવાનું સાધન, નાકે પહેરવાનું સ્ત્રીનું ઘરેણું, ખાવા માટેનું સાધન, પોપટના ગળામાં થતો રોગ, અંટસ, નડતર

➪ કાંત : પ્રિય, અનુકૂળ, સુંદર, પ્રીતમ, પતિ, ચંદ્ર, કીમતી પથ્થર, કંકુ, એક પ્રકારનું લોઢું

➪ કૂટ : ન સમજાય કે ન વંચાય તેવું, કઠણ, અઘરું, અટપટું, ગૂંચવણભર્યું, જૂઠું, ઠગાઈ, શિખર, ઢગલો

➪ કોટિ : કરોડ, આલિંગન, વર્ગ, કમાનનો છેડો, પૂર્વપક્ષ, ઊંચામાં ઊંચું બિંદુ

➪ કોઠો : પેટ, શરીર, મન, અંતઃકરણ, ખાનું, ઘર (સોગઠાં ઇત્યાદિની બાજીનું), મોટી કોઠી, મોટો કૂવો, વ્યૂહરચના, કોષ્ટક, વારાંગનાનું સ્થાન કે આવાસ

➪ ખંડ : ભાગ, કકડો, પ્રકરણ, પૃથ્વીના પાંચ ભાગોમાંનો એક, ઓરડો, નાનુ, ટૂંકુ

➪ ખાણ : ખનિજ પદાર્થ કાઢવા માટે ખોદેલો ખાડો, અનાજ ભરવા બનાવેલું ભોંયરું, હથિયારની ધારમાં પડેલો ખચકો, ઉત્પત્તિસ્થાન, ઢોરને ખાવાનું અનાજ કે ગોતું

➪ ખાતર : માટે, ખેતરને ફળદ્રુપ બનાવવા વપરાતી ચીજ, ચોરે ભીંતમાં પાડેલું બાકું, ચોરી, તરફદારી

Target with Bhavik Maru